પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૩-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બંગાળ વિધાનસભામાં હોબાળા

## ભાજપ અને TMCના ધારાસભ્યો વચ્ચે જોરદાર ઝપાઝપી થઈ હતી અને કપડાં પણ ફાડવામાં આવ્યા

કોલકતા,

પશ્ચિમ બંગાળ વિધાનસભાના બજેટ સત્રના છેલ્લા દિવસે હોબાળો થયો હતો. ભાજપ અને ટીએમસીના ધારાસભ્યો વચ્ચે જોરદાર ઝપાઝપી થઈ હતી અને કપડાં પણ ફાડવામાં આવ્યા હતા. ભાજપે આરોપ લગાવ્યો કે જ્યારે તેણે બીરભૂમ મુદ્દે ચર્ચાની માંગ કરી ત્યારે ટીએમસીના ધારાસભ્યોએ પિત્તો ગુમાવ્યો અને ઝપાઝપી કરવા લાગ્યા. આ દરમિયાન ભાજપના ધારાસભ્ય મનોજ તિગ્ગા સાથે મારપીટ કરવામાં આવી હતી.

આ પછી ભાજપના ધારાસભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ ઝપાઝપીમાં ટીએમસી ધારાસભ્ય અસિત મજુમદારને પણ નાકમાં ઈજા થઈ છે. તેને એસએસકેએમ લઈ જવામાં આવ્યો છે. આ ઘટના બાદ ભાજપના પાંચ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેમાં શુભેન્દુ અધિકારી, મનોજ તિગ્ગા, શંકર ઘોષ, દીપક બર્મન અને નરહરિ મહતોનો સમાવેશ થાય છે.

ભાજપના ધારાસભ્યોએ પણ વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેણે દાવો કર્યો હતો કે વેલ ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાકર્મીઓ દ્વારા તેની પર હુમલો કરવામાં આવ્યો હતો અને ધક્કો મારવામાં આવ્યો હતો. બીજેપીએ બીરભૂમ હિંસા કેસમાં ગૃહમાં ચર્ચાની માંગ કરી અને પછી વિરોધ શરૂ કર્યો. આ પછી ઘરની સ્થિતિ બગડી



અને બંને પક્ષો વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ. ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ કહ્યું કે તેમના ધારાસભ્યોને ધક્કો મારવામાં આવ્યો અને તેમના કપડા ફાડી નાખવામાં આવ્યા.

આ ઘટનાનો એક વીડિયો બીજેપીના આઈટી સેલના ચીફ અમિત માલવિયાએ ટ્વીટ કર્યો છે, જેમાં બીજેપી અને ટીએમસીના ધારાસભ્યો એકબીજા સાથે ઝપાઝપી કરતા જોવા મળે છે. આ ટ્વિટ સાથે માલવિયાએ લખ્યું, 'પશ્ચિમ બંગાળ વિધાનસભામાં હંગામો. બંગાળના ગવર્નર પછી, TMC ધારાસભ્યોએ હવે ચીફ વ્હીપ મનોજ તિગ્ગા સહિત ભાજપના ધારાસભ્યો પર હુમલો કર્યો કારણ કે તેઓ રામપુરહાટ હત્યાકાંડ પર ચર્ચાની માંગ કરી રહ્યા હતા.વિધાનસભામાંથી શુભેન્દુ અધિકારી સહિત ભાજપના ૫ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થનારા ધારાસભ્યોમાં શુભેન્દુ અધિકારી, મનોજ તિગ્ગા, નરાહરી મહતો, શંકર ઘોષ અને દીપક બર્મન સામેલ છે. તેમને આગામી આદેશ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં ટીએમસી નેતાની હત્યા બાદ ભીડે હુમલો કર્યો હતો અને ૧૦થી ૧૨ ઘરોમાં આગચંપી કરી નાખી. આ હચમચાવતા ઘટનાક્રમમાં ૧૦ લોકોના જીવતા ભૂંજાઈને મોત થયા હતા. અન્ય ૩૮ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મૃતકોમાં બે બાળકો તથા બે મહિલાઓ પણ સામેલ છે. હિંસાને લઈને રાજ્ય સરકારની કામગીરી ઉપર પણ સવાલ ઉભા થઈ રહ્યા છે. રાજ્ય સરકારે આ ઘટનાની તપાસ માટે વિશેષ તપાસ ટીમ એસઆઈટી પણ બનાવી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પશ્ચિમ બંગાળના કોંગ્રેસના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ માંગ કરી છે કે પશ્ચિમ બંગાળમાં ઈમરજન્સી લગાવવામાં આવે. અધીર રંજને કહ્યુ કે રાજ્યમાં કાયદો વ્યવસ્થા મુખ્યમંત્રી મમતા બેનર્જીના શાસનમાં સંપૂર્ણપણે ચોપટ થઈ ગઈ છે માટે આર્ટિકલ ૩૫૫નો પ્રયોગ કરીને અહીં ઈમરજન્સી લગાવવી જોઈએ. વાસ્તવમાં જે રીતે બીરભૂમમાં લોકોને ઘરમાં બંધ કરીને જીવતા સળગાવવામાં આવ્યા તે બાદથી મમતા સરકાર સતત વિપક્ષના નિશાના પર છે. તમને જણાવી દઈએ કે કોલકત્તા હાઈકોર્ટે આ કેસની તપાસ સીબીઆઈને સોંપી દીધી છે. કદમતલાથી હાવડા વચ્ચે અધીર રંજન ચૌધરીએ પદયાત્રા કાઢી હતી. આ દરમિયાન તેમણે છાત્ર અનીસ ખાનના રહસ્યમય મોતની નિષ્પક્ષ તપાસ કરાવવાની માંગ કરી હતી.

દિલ્હી વિધાનસભામાં પણ સોમવારે સત્તાધારી પક્ષ અને વિપક્ષી પાર્ટીના નેતાઓ એકબીજા સાથે અથડાતા જોવા મળ્યા હતા. અહીં સીએમ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ બીજેપીના તેજિંદર બગ્ગા અને દિલ્હી બીજેપી અધ્યક્ષ આદેશ ગુપ્તાની કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને હોબાળો શરૂ થયો હતો.

આપના ધારાસભ્યો નરેશ બાલિયાન અને મોહિન્દર ગોયલે આદેશ ગુપ્તા, બીજેપીના ધારાસભ્યો વનિલ બાજપાઈ, જિતેન્દ્ર મહાજન અને અજય મહાવરે હંગામો મચાવ્યો હતો. તેમની અને છઁ ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થયું હતું. બાદમાં વિધાનસભા અધ્યક્ષે ત્રણેયને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. જોકે, થોડા સમય બાદ તેમનું સસ્પેન્શન પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.

## રાજ્યમાં બેરોજગારી, પેપર લીક જેવી સમસ્યાઓ સામે યુથ કોંગ્રેસ દ્વારા યુવા સ્વાભિમાન સંમેલનનું આયોજન

ગાંધીનગર,

એક તરફ વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. તો બીજી તરફ ગુજરાત કોંગ્રેસ દ્વારા યુવા સ્વાભિમાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, તંત્ર દ્વારા સંમેલનની મંજૂરી આપવામાં આવી નહતી. તેમ છતાં કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ગાંધીનગર પોલીસ અને યુથ કોંગ્રેસના નેતાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેને લઈને પોલીસ દ્વારા ૭૦ થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. આ સંમેલનમાં કોંગ્રેસ નેતા હાર્દિક પટેલ અને યુથ કોંગ્રેસ અધ્યક્ષ બીવી





શ્રીનિવાસ હાજર હતા.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કોંગ્રેસ દ્વારા સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે રાજ્યમાં બેરોજગારી, પેપર લીક જેવી સમસ્યાઓ સામે યુથ કોંગ્રેસ દ્વારા યુવા સ્વાભિમાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત યુથ કોંગ્રેસ નેતા અને કાર્યકર્તાઓએ અલગ અલગ જગ્યાઓ પર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં શ્રીનિવાસ અને હાર્દિક પટેલના નેતૃત્વમાં યુથ કોંગ્રેસ દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું. તે દરમિયાન પોલીસ અને યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. જો કે, તંત્ર દ્વારા સંમેલનની મંજૂરી આપવામાં આવી નહતી. તેમ છતાં કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેથી પોલીસ દ્વારા કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

જેને લઈને શહેરમાં પ્રવેશ માર્ગો પર પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જે દરમિયાન હાર્દિક પટેલ, જીજ્ઞેશ મેવાણી સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. અત્યાર સુધી પોલીસ દ્વારા ૭૦થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. આ કાર્યકરો સામે ૬૮, ૬૯ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

## રાજયો હિન્દુઓને પણ લઘુમતીનો દરજ્જો આપી શકે છે : સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારનું સોગંદનામુ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે પોતાના સોગંદનામામાં સુપ્રીમ કોર્ટને કહ્યું કે, જ્યાં હિંદુઓ અથવા અન્ય સમુદાયો કે જેઓ લઘુમતી છે તે રાજ્ય એવાં સમુદાયોને લઘુમતી સમુદાય તરીકે જાહેર કરી શકે છે. તેના આધારે તેઓ પોતાની શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને સંચાલિત કરી શકે છે.કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર અને કર્ણાટકનું ઉદાહરણ આપતા કહ્યું કે, મહારાષ્ટ્રે ૨૦૧૬માં યહૂદીઓ માટે ધાર્મિક અને કર્ણાટકમાં ઉર્દુ, તેલુગુ, તમિલ, મલયાલમ, મરાઠી, તુલુ, લમાની, હિન્દી, કોંકણી અને ગુજરાતી ભાષાના આધાર પર તેઓને લઘુમતી જાહેર કર્યા છે અને અન્ય રાજ્યો પણ તે જ કરી શકે છે. હવે આ મામલે સોમવારે સુનાવણી થશે.

કેન્દ્ર સરકારે કહ્યું કે, અરજદારનું કહેવું છે કે, જમ્મુ-કશ્મીર, મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, પંજાબ, લક્ષદ્વીપ, લદ્દાખમાં હિન્દુ, યહૂદી ધર્મના અનુયાયીઓ પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલન નથી કરી શકતા, તે બરાબર નથી.

વાસ્તવમાં સુપ્રીમ કોર્ટમાં અશ્વિની કુમાર ઉપાધ્યાય દ્વારા એક અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં તેમણે રાષ્ટ્રીય લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ માટે અધિનિયમ, ૨૦૦૪ની કલમ ૨(ક) ની માન્યતાને પડકારી છે. ઉપાધ્યાયે પોતાની અરજીમાં, કલમ ૨ (ક) ની માન્યતાને પડકારતા કહ્યું હતું કે, તે કેન્દ્રને અપાર સત્તા આપે છે જે "સ્પષ્ટપણે મનસ્વી, અતાર્કિક અને નુકસાનકારક" છે.

અરજદારે દેશના વિવિધ રાજ્યોમાં લઘુમતીઓની ઓળખ માટે માર્ગદર્શિકા ઘડવાના નિર્દેશોની માંગ કરી છે. તેમની દલીલ એવી છે કે, દેશના ઓછામાં ઓછાં ૧૦ રાજ્યોમાં હિંદુઓ પણ લઘુમતી છે, પરંતુ તેમને લઘુમતી યોજનાઓનો લાભ નથી મળતો.

૭ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને એફિડેવિટ માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. ત્યાર બાદ ૩૧ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે ૭૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. વાસ્તવમાં આ અરજી ૨૦૦૨ના ટીએમએ પાઈ કેસમાં સુપ્રીમ કોર્ટના બહુમતી નિર્ણય પર આધારિત છે.ટીએમએ પાઈ ફાઉન્ડેશન કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, રાજ્યને તેની મર્યાદામાં લઘુમતી સંસ્થાઓમાં રાષ્ટ્રીય હિતમાં ઉચ્ચ-કુશળ શિક્ષકો પ્રદાન કરવા નિયમનકારી વ્યવસ્થા લાગુ કરવાનો અધિકાર છે

આથી, શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકાય. સુપ્રીમ કોર્ટે અગાઉ કેન્દ્રની લઘુમતી, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ અને પારસી તરીકે પાંચ સમુદાયોની ઘોષણા સામે વિવિધ ઉચ્ચ અદાલતોમાં દાખલ કરેલી અરજીઓને સુપ્રીમ કોર્ટમાં સ્થાનાંતરિત કરવાની મંજૂરી આપી હતી અને મુખ્ય પિટિશન સાથે તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## રાજ્યના વિવિધ ખેડૂતો વીજળીની માંગને લઈને ટ્રેકટર રેલી યોજી



ગાંધીનગર,

છેલ્લા ઘણા સમયથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં ખેડૂતો ખેતી માટે આઠ કલાક વીજળીની માંગને લઈ પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. ખેતી માટે ૮ કલાક વીજળી નહીં આપતા ખેડૂતો લડી લેવાના મુડમાં હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે ભારતીય કિસાન સંઘની આગેવાનીમાં ખેતીની વિવિધ પડતર માંગણીઓને લઈ ખેડૂતોઓએ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પોલીસે ખેડૂતોની આ રેલીને ગાંધીનગરના પેથાપુર પાસે થોડા સમય માટે અટકાવતાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી.

પોલીસે રેલી અટકવતાની સાથે ખેડૂતોએ ગાંધીનગર-પેથાપુર પાસેના રસ્તા પર ભારે ચક્કાજામ કર્યો હતો. બાદમાં લોખંડી પોલીસ બંદોબસ્ત સાથે ખેડૂતોં 'ફ્ઝ઼' કચેરી પહોંચી હતી. અને ખેતીની વીજળી ૮ કલાક જૂના સમય પ્રમાણે આપવાની માંગ કરવામાં કરી હતી. આ સાથે ખેતી વિષયક વીજ મીટર હટાવી સમાન વીજદર કરવા, સરકારની ઘાતક નીતિઓથી ખેતીને નુકસાન થવાના આક્ષેપ સરકાર પર કરવામાં આવ્યા છે. બીજી તરફ સવારે ખેડૂતોની રેલીના સમર્થમાં કોંગ્રેસના ધારાસભ્યોનો વિરોધ કર્યો હતો. જેમાં પુંજા વંશ, ભીખા જોશી, શિવાભાઈ ભુરિયા, લલિત વસોયા, રઘુ દેસાઇ, કિરીટ પટેલ સહિતના ધારાસભ્યો વિરોધમાં બેઠા હતાં.

## ભાજપને મદદ કરનારા બાબા રામ રહીમ પર બે નવા કેસ : મુખ્ય આરોપી બનાવી દેવાયા



ચંડીગઢ,

પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મદદ કરવા માટે પેરોલ પર છૂટનારા ડેરા સચ્ચા સૌદાના વડા બાબા રામ રહીમ પર તવાઈ આવી છે. પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બનતાં રામ રહીમને વધુ બે કેસમાં મુખ્ય આરોપી બનાવી દેવાયા છે. સીખ ધર્મ વિરૂધ્ધ વિવાદાસ્પદ પોસ્ટરો લગાવવા અને પવિત્ર શ્રી ગુરુ ગ્રંથ સાહિબના પવિત્ર ભાગોની ચોરીના કેસમાં રહીમને મુખ્ય આરોપી બનાવાતાં ફરીદકોટ કોર્ટે રહીમને ૪ મેના દિવસે હાજર થવા ફરમાન કર્યું છે.

ભગવંતમાન સરકારે રામ રહીમને મુખ્ય આરોપી બનાવીને એક કાંકરે બે પક્ષી માર્યા છે. એક તરફ સીખોને ખુશ કરી દીધા છે તો બીજી તરફ રાજકીય હિસાબ સરભર કર્યો છે.

રામ રહીમને ચૂંટણીમાં ભાજપને મદદ કરવા ૨૧ દિવસના ખાસ પેરોલ અપાયા હતા પણ તેનાથી ફરક ના પડયો કેમ કે ભાજપ ૨ બેઠકો જીતી શક્યો. સૂત્રોનું કહેવું છે કે, હજુ તો બહબલ કલા ફાયરિંગ કાંડમાં રામ રહીમ સામે આરોપો ઘડાશે. ફાયરિંગમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોએ રામ રહીમનો હાથ હોવાના આક્ષેપ કર્યા છે.

## કેન્દ્રીય ટ્રેડ યુનિયનોનું ભારત બંધ : હરિયાણામાં ૩૦૦૦ બસનાં પૈડા રોકાયા, જનજીવન પ્રભાવિત



નવીદિલ્હી,

કેન્દ્રીય ટ્રેડ યૂનિયનોના એક ફોરમે ૨૮ માર્ચ અને ૨૯ માર્ચે ભારત બંધની જાહેરાત કરી છે. ભારત બંધનું આહવાન મોદી સરકારની તે નીતિયો સામે કરવામાં આવી રહ્યું છે જેમાં કર્મચારી, ખેડૂત અને સામાન્ય જનતા પ્રભાવિત થઈ છે. અખિલ ભારતીય બેંક કર્મચારી એસોસિયેશને ફેસબુક પર લખ્યું કે બેંકિંગ સેન્ટર પણ આ હડતાળમાં સામેલ થઈ છે ભારત બંધને કારણે બે દિવસ બેંકનું કામકાજ ઠપ થયું છે કારણ કે આ બંધનું સમરથન ટ્રેડ યૂનિયનોની સરકારથી શ્રમ સંહિતા પૂર્ણ કરવા પર છે. કોઈપણ પ્રકારનાં પ્રાઈવેટાઈઝેશનને તત્કાલ પ્રભાવથી રોકવા માટે રાષ્ટ્રીય મોદ્રીકરણ પાઈપલાન એટલે કે (એનએમપી)ને પૂર્ણ કરવાનું છે મનરેગા હેઠળ, મજૂરીનાં દિવસો વધારવાં અને ઠેકા શ્રમિકોને નિયમિત કરવાંની માંગણી કરી છે.

હરિયાણામાં હડતાલને કારણે, ૩૦૦૦ બસનાં પૈડા અટકી ગયા છે. હરિયાણામાં ઘણી માંગણીઓ માટે રોડવેજ કર્મચારીઓ લાંબા સમયથી સંઘર્ષ કરી રહ્યાં છે. જુની પેંશન યોજના, કચ્ચા કર્મચારીઓને પાક્કા કરવાની અને ખાનગીકરણને અટકાવવાની પ્રક્રિયા કરવામાં આવી છે. હરિયાણામાં કર્મચારીઓએ બંધનું સંપૂર્ણ સમર્થન કર્યું છે. જોકે, પોલીસનો દાવો છે કે, બસોને ચાલુ કરાવવામાં આવી રહી છે.બંગાળમાં લેફ્ટ ટ્રેડ યૂનિયન દ્વારા હડતાલનું આહ્વાન કર્યું હતું જેથી પશ્ચિમ બંગાળનાં જાધવપુર અને કોલકાત્તામાં બંધને અસર જોવા મળી હતી

ચેન્નઈમાં પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી તમિલનાડુમાં રેલ્વે, રોડવેઝ, ટ્રાન્સપોર્ટ અને વીજળી વિભાગના કર્મચારીઓએ પણ આ ભારત બંધને સમર્થન આપ્યું હતું આ ભારત બંધ મોદી સરકારની નીતિઓના વિરોધમાં કરવામાં આવી રહ્યુ છે. ભારત બંધના કારણે મોટાભાગના ક્ષેત્ર પર માઠી અસર થઈ શકે છે.

## પ્રમોદ સાવંતે ગોવાના મુખ્યમંત્રી પદના શપથ લીધા, સતત બીજીવાર મુખ્યમંત્રી બન્યા

પણજી,

નવી દિલ્હીઃ પ્રમોદ સાવંતે સતત બીજીવાર ગોવાના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ પીએસ શ્રીધરન પિલ્લાઈએ શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમમાં પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. પ્રમોદ સાવંદ ૨૦૧૭માં તત્કાલિન મુખ્યમંત્રી મનોહર પર્રિકરના નિધન બાદ સીએમ બન્યા હતા.



પ્રમોદ સાવંતના શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, ભાજપ શાસિત રાજ્યોના સીએમ અને ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ સામેલ થયા હતાં

મુખ્યમંત્રી ઉપરાંત જે ધારાસભ્યોએ કેબિનેટ મંત્રીપદના શપથ લીધા હતાં તેમાં વિશ્વજીત રાણે, મૌવિન ગોડિન્હો, નીલેશ કબ્રાલ, સુભાષ શિરોડકર, રોહન ખૌંટે, અતાનાસિયો મોન્ટેસેરાટ અને ગોવિંદ ગૌડેનો સમાવેશ થાય છે

ગોવાના મુખ્યમંત્રી પદના શપથ લેતા પહેલા પ્રમોદ સાવંતે પૂજા-અર્ચના કરી હતી. આ વખતે ભાજપને મહારાષ્ટ્રવાદી ગોમંતક પાર્ટી ના બે અને ત્રણ અપક્ષ વિધાયકોનું પણ સમર્થન મળેલું છે. અત્રે જણાવવાનું કે રાજ્યમાં સીએમ પદને લઈને અનેક પ્રકારની અટકળો થઈ રહી હતી. જેનું એક કારણ એ પણ હતું કે પાર્ટી તરફથી ગોવાના સીએમ નામની જાહેરાત ઘણા સમય પછી કરાઈ હતી.

## પોલીસ ગ્રેડ પે આંદોલન : ઉપવાસ પર બેઠેલ કર્મીની તબિયત લથડી

ગાંધીનગર,

નેતાઓની ચોવીસ કલાક સુરક્ષા કરનારા પોલીસ કર્મીઓને સરકારે પોલીસના ગ્રેડ-પે ના આંદોલનનને વિખેરી નાંખવા માટે સમિતિની રચના કરી દીધી છે. પરંતુ સરકારે રચેલી સમિતિના રિપોર્ટમાં કોઈ નિષ્કર્ષ નીકળ્યો નથી. જેને લઈને સરકાર સામે પોલીસ કર્મીઓનમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે. બીજી તરફ પોલીસના ગ્રેડ પે મામલે આમરણ ઉપવાસ પર બેઠેલા મહિલા કોન્સ્ટેબલ મિત્તલ મકવાણાની તબિયત લથડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



ખાદી ધારી નેતાઓને કદાચ સત્તાના નશામાં ચૂર થઈ ગયા બાદ એ ભાન નથી રહેતું કે આ એજ પોલીસ છે કે જેઓના લીધે તેમની તમામ રાજકીય ગતિવિધીઓ સમી સુથરી પાર પડે છે. આજ પોલીસ કર્મીઓના લીધે રાજકીય કાર્યક્રમો પાર પડે છે અને તેમની સુરક્ષા પણ આજ ખાખી ધારી પોલીસ કર્મીઓ કરતા હોય છે. તે છતાંય જ્યારે એક રાજ્યમાં પોલીસ કર્મીઓને પોતાના હક્કો મેળવવા માટે થઈને રોડ પર ઉતરી આવવું પડે અને આંદોલનો કરવા પડે તે ખૂબ શરમજનક બાબત ગણી શકાય. પરંતુ ભાજપ સરકાર કે જેમના માટે તમામ આંદોલનને કેવી રીતે વિખેરી નાંખવું અને કેવી પ્રકારે આંદોલનો ઉભા કરવા તેની માસ્ટરી છે. ત્યારે હવે સૌથી મોટો યક્ષ પ્રશ્ન હાલ એજ ઉપસ્થિત છે કે શું પોલીસ ગ્રેડ-પેના મુદ્દાઓનું નિરાકરણ આવશે ખરી.

રાજ્ય પોલીસ ગ્રેડ પે મામલે અગાઉ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યભરમાંથી પોલીસ પરિવારો દ્વારા બાળકો સાથે પહોંચી આંદોલન છેડાયુ હતું. જેમાં પંદર જેટલી માંગણીઓ પોલીસ પરિવારો દ્વારા કરવામાં આવી હતી. જે મુજબ ગુજરાત રાજયના એ.એસ.આઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલનાં ગ્રેડ પે ખૂબ જ ઓછા છે. ગુજરાત રાજયના પોલીસ કર્મચારીઓને મળતા વર્ષો જુના ભથ્થામાં તાત્કાલીક વધારો કરવો જોઈએ. આ ઉપરાંત પોલીસ કર્મચારીઓની ફરજનો સમય સુનિશ્ચિત કરવામાં આવે અને આઠ કલાકથી વધુ સમયથી વધારે નોકરી માં માનવ અધિકાર મુજબ યોગ્ય વળતર આપવામાં આવે તેમજ વિવિધ ઋતુ મુજબ સુરક્ષાના સાધનો પણ આપવા જોઈએ.

**જમીન વેચવાની છે**

ગોધરા તાલુકાના વાવડીખુર્દ ગામે પાનમ કેનાલને અડીને આવેલ ખેતીની જમીન વેચાણ કરવાની છે.

મો.૮૬૯૦૦૯૫૯૦૯

## સરકાર પેટ્રોલ-ડીઝલ પરના ટેક્સથી વસૂલેલા રૂ.૨૬ લાખ કરોડના હિસાબ આપે : કોંગ્રેસ

નવીદિલ્હી,

દેશમાં છેલ્લા છ દિવસમાં પાંચમી પાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે. આ મામલે રવિવારે ફરી કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. આ સાથે કોંગ્રેસે માંગ કરી છે કે સરકાર પેટ્રોલ-ડીઝલ પર આઠ વર્ષમાં વસૂલેલા ટેક્સથી એકત્ર કરાયેલા ૨૨૬ લાખ કરોડનો હિસાબ આપે.કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ વીડિયો પોસ્ટ કરીને વડાપ્રધાન મોદી પર નિશાન તાકીને કહ્યું કે, સંપૂર્ણ તાકાતથી બતાવીશું. આઠ વર્ષમાં ડીઝલ, પેટ્રલ પર ટેક્સ લૂંટથી ૨૨૬,૦૦,૦૦૦ કરોડનો નફો કમાઈ લીધો છે. ચૂંટણીમાં ચૂનો લગાડવા માટે ૧૩૭ દિવસ સુધી ચૂપ, ફરી ૬ દિવસમાં જ પેટ્રોલ-ડીઝલ પર ૨૩.૭૫ પ્રતિ લીટરની લૂંટ ? આ સાથે કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરેજવાલાએ વડાપ્રધાન મોદીનો એક જૂનો વીડિયો પણ પોસ્ટ કર્યો, જેમાં વિપક્ષ દ્વારા પેટ્રોલની કિંમતો ઘટાડવા માટે તેમના નસીબને શ્રેય આપવાની વાત કરી હતી. વીડિયો ટેગ કરતા સુરજેવાલાએ વડાપ્રધાન મોદીને પૂછ્યું કે, 'હવે કોની બદનસીબી અને ખરાબ નિયતથી જનતા ભારે મોંઘવારી સહન કરવા મજબૂર છે.' કોંગ્રેસ પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે રાહુલ ગાંધીને ધન્યવાદ, તેમણે કહ્યું હતું કે ચૂંટણી પછી ઈંધણના ભાવ વધારાશે, સરકારે ભાવ વધારા માટે કેટલાક દિવસોની રાહ જોઈ. પવન ખેરાએ વધુમાં કહ્યું કે, કોંગ્રેસ એક માત્ર પાર્ટી છે, જે ફક્ત ચૂંટણી જીતવા કરતા વધુ સાર્વજનિક મુદ્દાઓને ઉઠાવી રહી છે. સરકારે ટેક્સ થકી લૂંટેલા ૨૬ કરોડનો હિસાબ આપવો જોઈએ, દેશને આ જાણવાનો અધિકાર પણ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારની તળાવો ભરવાની વાતો માત્ર કાગળિયા પર

સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં તળાવો ભરવા માટે ૨૦૧૭માં મુખ્યમંત્રી વરદહસ્તે સરસણ ગામના ભીલોડીયા તળાવમાં ખાતમુરત કરવામાં આવેલું હતું, પરંતુ હજુ સુધી તળાવની અંદર એક ટીપું પણ પાણી પડ્યું નથી. ઉનાળો આવી ગયો પરંતુ તળાવ ખાલીખમ ખેડૂતો રાહ જોઈને બેસી રહ્યા છે કે, તળાવો ક્યારે ભરાશે અમને ક્યારે પાણી મળશે, શું તળાવો ઉનાળામાં ભરવાના હોય છે કે કે ચોમાસામાં ખેડૂતોમાં ચર્ચા બની રહી છે. સંતરામપુર તાલુકાના સરસણ ગોધર ૫ ચુથાના મુવાડા રામ પટેલના મુવાડા પઢારિયા રાણીજીની પાદેડી આટલા તળાવો ભરવા માટે સરકારી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ૨૦૧૭માં જોર જોરથી તળાવો ભરવા માટે ખેડૂતોને આશ્વાસન આપેલું કે અમે ખેડૂતોને પાણી વગર નહીં રહેવા દઈએ પરંતુ ખેડૂતોને અત્યારની પરિસ્થિતિ ગંભીર બની છે. ગ્રામ્ય વિસ્તારમાં કુવાઓ બોર નદીઓમાં સુક્કાભઠ્ઠ અને ખાલીખમ થઈ ગયું છે. ઘાસચારો માટે પણ ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે. માનવજાત અને મૂંગા પશુઓ માટે પાણી પીવડાવવા માટે વલખા મારવા પડે છે. ક્યારે ભરાશે ક્યારે મળશે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આવા અનેક સવાલો ખેડૂતોના મનમાં ઊભા થઈ રહ્યા છે. પર સરકાર અને સરકારી અધિકારી અને ચૂંટાયેલા નેતાઓ માત્ર વાતો જ કરે છે અને જ્યારે અનેક સવાલ કરવામાં આવે યોગ્ય જવાબ આપવામાં આવતો જ નથી. આજે ભીલોડીયા તળાવને ખાતમુરત કર્યા પાંચ વર્ષ વીતી ગયા પાંચ વર્ષમાં આ ભીલોડીયા તળાવમાં એક ટીપુ પણ પાણી નથી. પડ્યો જેમ જેમ દિવસો જાય છે ઉનાળાનો ગરમીનો પારો વધી રહેલો છે. હવે ગ્રામ્ય વિસ્તારમાં તળાવો ક્યારે ભરાશે અને ક્યારે પાણી મળશે અસહ્ય પાણીની અછત થઈ રહેલી છે અને ખેડૂતો મૂંગા પશુઓ માટે ચિંતાતુર બન્યા છે. છેલ્લા બે વર્ષથી તળાવો ભરવા માટે કોન્ટ્રાક્ટરની કામગીરી સોંપી છે. હજુ સુધી કામગીરી જોવાઈ રહી નથી અને રાજયકક્ષાના મંત્રી સંતરામપુર તાલુકાના મોટી ખરસોલી ગામે તળાવ ઉંડુ કરવાનું ખાત મુરત કરેલું હતું પરંતુ તળાવ ઉંડુ કરવાથી કોઈ ફરક પડતો નથી. ખરેખર હાલમાં સંતરામપુર તાલુકાના દરેક તળાવોમાં પાણી થી ભરવા જરૂરી બન્યા છે. હવે ખુદ્દા દરેક તળાવોમાં પાણીના હોવાના કારણે ક્રિકેટનું મેદાન બન્યું અને ચારેબાજુ તળાવમાં જાડી જાત્રાઓ ઉગી નીકળે છે અને ભીલોડીયા તળાવમાં રામ નવમીના દિવસે રાજ્યકક્ષાના મંત્રી તળાવ મંદિરે કહ્યું હતું કે કે તળાવો માં પાણી આવી જશે હજુ સુધી પાણી આવેલું જ નથી.

## મહીસાગર જીલ્લામાં SSC/HSCની પરિક્ષાનો શાંતિપુર્ણ માહોલમાં આરંભ



લુણાવાડા,

સમગ્ર રાજય સહિત મહીસાગર જિલ્લામાં આજથી એસએસસી/એચએસસી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. જિલ્લા શિક્ષણાધિકારી પી એન મોદી સહિત શાળા પરિવારે લુણાવાડાની એસ કે. હાઈસ્કૂલ ખાતે પરિક્ષાર્થીઓને કુમકુમતિલક ગુલાબનું પુષ્પ તેમજ મોં મીઠું કરી પરીક્ષાકેન્દ્ર ખાતે પ્રવેશતા વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય શુભકામનાઓ પાઠવી હતી. મહીસાગર જીલ્લામાં એસએસસી/એચએસસી માં કુલ ૨૮૭૧૯ પરિક્ષાર્થીઓની બોર્ડની પરિક્ષાનો આજથી શાંતિપુર્ણ માહોલમાં આરંભ થયો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એસએસસી/એચએસસી બોર્ડની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાય તે આગોતરૂ આયોજન કરી તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી હતી. આ પરીક્ષા માટે ૫૪ પરીક્ષાના કેન્દ્રો માટે કુલ ૧૦૩ બિલ્ડીંગમાં ૧૦૩૬ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. બોર્ડની પરિક્ષાને લઈને જિલ્લા તંત્ર દ્વારા તમામ પરીક્ષા ખંડ સીસીટીવી મોનીટરીંગથી સજ્જ કરાયા છે. પરીક્ષા બિલ્ડીંગની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. જિલ્લા તંત્ર દ્વારા તમામ પરિક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# લુણાવાડામાં નાસીર અરબના વરલી મટકાના ધંધાથી શુ પોલીસ અજાણ..?

- લુણાવાડામાં જુગારધામ ચલાવતા નાસીરને રાજકિય નેતા ફાયનાન્સ કરતા હોવાની ચર્ચા.
- છેલ્લા છ માસમા ચાર વખત જુગારધામ ઉપર ગાંધીનગર વીજીલન્સને રેઈડ.

લુણાવાડા,

લુણાવાડામાં ચાલતા વરલી મટકા ધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર દ્વારા છેલ્લા ૬ માસમાં ચારથી વધારે વાર રેડ કરવામાં આવી છે. જો કે લુણાવાડામાં જાહેર સ્થળો પર ચાલતા વરલી મટકાથી મહિસાગર પોલીસ અજાણ હોવાનુ જણાઈ આવે છે. ત્યારે મહિસાગર જિલ્લામાં આવા કેટલાય ગેરકાયદેસર વરલી મટકા કાર્યરત છે. જે ક્યા મોટા માથાના ભરોસે ચાલે છે. અને કેમ મહિસાગર પોલીસ સક્રિય કામગીરી કરવા નિષ્ફળ રહે છે તે ચર્ચાનો વિષય છે. ઉપરાંત લુણાવાડામાં ક્યા રાજકિય નેતા નાસીર અરબને ફાયનાન્સ કરે છે ? તે પણ ચર્ચાનો વિષય છે.

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં સંજીવની હોસ્પિટલની બાજુમાં વાવવાળા માર્કેટની બાજુમાં નાસીર કથુમ અરબ નાનો ખુલ્લી ગલીની જગ્યામાં વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડે છે. અને હાલ આ પ્રવૃત્તિ ચાલુ છે વગેરે બાતમી હકીકત આધારે દરોડો પાડતા ૧૦ જેટલા ઈસમોને કોર્ડન કરી પકડી લીધા હતા આ બાદ સ્થાનિક પોલીસ સ્ટેશન લુણાવાડા ખાતે ફોન કરી સ્થાનિક પોલીસ બોલાવવા તજવીજ થઈ હતી. અટકાયત કરાયેલાઓમાં ઈમ્તીયાજ ઉર્ફે જોંટી મામુદખાન પઠાણ, ધર્મેન્દ્રકુમાર શ્રીમાળી, મોહસીન મામુદ શેખ, અરવિંદભાઈ પગી, સુરેશભાઈ પગી, જીતેન્દ્રકુમાર સુર્યવંશ, જયેશભાઈ નલાર, સુરેશભાઈ પ્રભાતભાઈ પરમાર, જયંતિભાઈ લલ્લુભાઈ કાછીયા, ભુરાભાઈ હાથીભાઈ ડામોરનો સમાવેશ થાય છે જયારે રેઈડ દરમિયાન નહિ પકડાયેલ આરોપીઓ નાસીર કયુમ અરબ (રહે.બેડા ફળિયુ)વરલી મટકાના આંક ફરકના જુગાર ચલાવનાર અને મકબુલ હમીદ મલેક વિરુદ્ધ ફરિયાદ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર જિલ્લાના વડું મથક લુણાવાડા ખાતે ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચા દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને નગરપાલિકાના પ્રમુખ ભાવનાબેન મહેતા અને અન્ય કાર્યકર્તાઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનું ભવિષ્ય કંઈક નવો વળાંક લેવા જઈ રહ્યું છે. ત્યારે બી.જે.પી ના મહિલા મોરચા દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

## સંતરામપુર સેન્ટ મેરી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે ફેસ્ટીવલ કાર્યક્રમ યોજાયો



સંતરામપુર,

સંતરામપુર નગરની સેન્ટ મેરી ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં ફેસ્ટિવલનો કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ અલગ અલગ કૃતિઓ રજૂ કરી. સંતરામપુર નગરમાં સેન્ટમેરી ઇંગ્લીશ મીડીયમ આર્ટસ સાયન્સ વિજ્ઞાન પ્રદર્શનનું વિદ્યાર્થીઓ પોતપોતાની રીતે સંખ્યાબંધ અલગ અલગ રીતે બનાવેલી કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં બીજેપીના ભરતભાઈ પટેલે ઉદઘાટન કર્યું હતું અને આ પ્રસંગે સ્કૂલના ટ્રસ્ટી, પ્રમુખ ભાવેશભાઈ મહેતા, હિમાંશુભાઈ પરીખ, સ્કૂલના સ્ટાફ આચાર્ય મોટી સંખ્યામાં વાલીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા તાલુકામાં ઘઉંના ઉત્પાદનમાં વધારા સાથે ઘઉંના પુળાનો ભાવ પણ વધારે મળતા ખેડુતોમાં આનંદ

લુણાવાડા,

લુણાવાડા તાલુકામાં ગત વર્ષ કરતા ઘઉંના ઉત્પાદનમાં વધારો થતાં અને ઘઉંના ઘાસના પુળા ભાવ વધારે મળતા ખેડુતોમાં આનંદ છવાયો છે.

લુણાવાડા તાલુકાના કોઠંબા, ખારોલ, લાડવેલ, ફતેપુરા, મધવાસ, નમનાર, વરધરી, મલેકપુર, વિરણીયા, ભાયાસર, શીંગનલી, ધામણીયા, રાણપુર, ગોલાના પાલ્લા પંથકના વિવિધ ગામડાઓમાં ઘઉંનો કાપણીનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ વર્ષે ઘઉંનુ ઉત્પાદન કરવા ખેડુતોને લોટરી લાગી છે. ગત વર્ષ કરતા આ વર્ષે ઘઉંના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ટેકાના ભાવ ૪૦૩ રૂપિયા છે જેના કરતા બજારમાં ઘઉંના ભાવ ૪૨૦ હોવાથી ઘઉંનો ભાવ વધારે મળી રહ્યો છે. ઘઉંના મોંટેભાટે થ્રેસરમાં નીકળે છે. ઘઉંના ભુસાને ગવારીયુ કહેવામાં આવે છે. ચાલુ સાલે ગવારીયા(ઘાસના પુળા)ના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જે ગવારીયુ ગઈ સાલ ટેમ્પામાં ૭/સાત હજારમાં મળતુ હતુ તેના ભાવ ૧૩ થી ૧૪ હજારે અને ટ્રેકટર ચાર/પાંચ હજારમાં તેનો ભાવ નવ/દસ હજારે પહોંચ્યો છે. આ વરસે ખેડુતોને ઘઉં કરતા ગવારીયુ વેચવામાં વધારે રસ જોવા મળે છે.

## વિરપુરમાં ઉભરાતી ગટરોથી સ્થાનિક રહિશો પરેશાન

વિરપુર,

વિરપુરમાં જુના પોલીસ સ્ટેશન નજીક ઉભરાતી ગટરોના કારણે સ્થાનિકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ગટરના ગંદા પાણી જાહેરમાર્ગ પર રેલાતા રોગચાળો ફાટવાનો ભય છે. ત્યારે રહિશો દ્વારા પાણીના નિકાલની વ્યવસ્થા કરવા બાબતે પંચાયતમાં રજુઆત કરાઈ છે છતા કામગીરી કરાતી નથી કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે ગટરનુ પાણી સ્થાનિકોના ઘરમાં જવાની શકયતાઓ રહેલી છે. ઉપરાંત છેલ્લા કેટલાય સમયથી ગટરના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ગટરો ઉભરાવવાની સમસ્યા વ્યાપી છે. ગટરો ઉભરાતા ગંદા પાણી ઘરની ઓસરી આગળ તેમજ જાહેરમાર્ગ ઉપર રેલાઈ રહ્યા છે. જેના કારણે મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકયુ છે. ત્યારે ગટરોના પાણી જાહેરમાં ફેલાવવાને કારણે આ વિસ્તારોમાં ડેન્ગ્યુ-મેલેરિયા સહિત કોલેરોના રોગ ફેલાવવાનો ભય સ્થાનિકોને સતાવી રહ્યો છે. વિરપુર ગ્રામ પંચાયત દ્વારા જુના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉભરાતી ગટરના પાણીનો યોગ્ય નિકાલ કરવા સાથે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**વારંવાર પેપર ફૂટે છે, બેરોજગાર યુવાનો પાસે રોજગારી નથી, ગુજરાતના યુવાનોને સમર્થન આપવા યુવા કોંગ્રેસ દ્વારા સ્વાભિમાન રેલીનું આયોજન કરેલું હતું. પણ આ ગુજરાતની તાનાશાહી ભાજપ સરકાર દ્વારા ગાંધીનગર પહોંચતા પહેલા જ સમગ્ર ગુજરાતના યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓની અટકાયત કરી જેમાં ૧૨૩ સંતરામપુર વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ડામોરની સંતરામપુર પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી.**

**ભાજપ હમ સે ડરતી હૈ.. પુલીસકો આગે કરતી હૈ..**

**ડરો નહિ, ભાજપની તાનશાહી સરકાર સામે લડો**

## મોરવા(હ)ના તાવિયાડ ગામે કારની અડફેટે દસ વર્ષિય બાળકનુ મોત

ગોધરા,

ગોધરા મોરવા(હ) તાલુકાના વંદેલી ગામના બાડીશેરા ફળિયા ખાતે રહેતા દિલીપભાઈ તાવિયાડે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, તેઓનો દસ વર્ષિય પુત્ર કિશનભાઈ દિલીપભાઈ તાવિયાડ ગામમાં આવેલી દુકાન પડીકા લેવા ગયો હતો ત્યારે ઘરે પરત આવવા માટે રસ્તો ક્રોસ કરતા એક કાર જીજે/૨૦/એ/૪૯૯૨ના ચાલક દ્વારા પોતાના કબ્જાની કારને બેફિકરાઈથી તેમજ ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તો ક્રોસ કરતા કિશનને ટક્કર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી કારને ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા કિશન તાવિયાડને પરિવારજનો દ્વારા હોસ્પિટલ ખાતે ખસેડતા કિશનનુ સારવાર દરમિયાન કરૂણ મોત નીપજયું હતુ. પોલીસ અકસ્માત સર્જનાર કાર ચાલક સામે ગુનો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સમૃદ્ધ છે. આજનો દિવસ તમારી તરફેણમાં છે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે. વધુ પડતા કામના કારણે સ્વાસ્થ્ય પર થોડી અસર થઈ શકે છે,

વૃષભ : આજે નોકરી, વ્યવસાય અને રાજકીય ક્ષેત્રે પ્રગતિની સ્થિતિ રહેશે. વડીલો કાર્યક્ષેત્રમાં દરેક રીતે મદદ કરશે. ખર્ચમાં ઘટાડો કરો, નહીં તો તમારે ભોગવવું પડી શકે છે.

મિથુન : આજે કોઈ કામ માટે વધારે ખર્ચા થશે. વિવાદના કારણે કાર્યસ્થળ પર તણાવ આવી શકે છે. તેથી વાણી પર નિયંત્રણ રાખવું જરૂરી છે. સંબંધો માટે પણ જવાબદાર બનો નહીં તો વસ્તુઓ ખોટી થઈ શકે છે. સંતાન તરફથી કેટલીક સમસ્યાઓ આવી શકે છે.

કર્ક : કાર્યક્ષેત્રમાં લાભની શક્યતા છે. આજે તમારો મૂડ સવારથી જ સારો રહેશે. જો તમે તમારી બુદ્ધિ અને કુશળતાનો તમામ ક્ષેત્રોમાં ઉપયોગ કરશો તો તમને સફળતા મળશે.

સિંહ : આજનો દિવસ કામ સુધારવામાં વિશેષ યોગદાન આપી રહ્યો છે. નિષ્ણાતની સલાહ પછીથી તમારા માટે ઉપયોગી સાબિત થશે. પતિ-પત્ની સાથે સારો સમય પસાર કરશો.

કન્યા : મનમાં ભક્તિ ભાવનાનો વિકાસ થશે. તે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો રહેશે. પરિવારમાં પણ તમારા પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી વધશે. રાત્રિ દરમિયાન કોઈ શુભ કાર્યમાં સામેલ થવાની તક મળી શકે છે.

તુલા : આજે તમારો પ્રભાવ અને મહિમા વધશે. તમને ક્યાંકથી સારા સમાચાર મળશે. જોકે કાર્યક્ષેત્રમાં થોડો તણાવ હોઈ શકે છે પરંતુ તેને તમારા પર ભારે થવા ના દો. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક : આત્મવિશ્વાસ અને ક્ષમતા સાથે કોઈ મુશ્કેલ કાર્ય પણ આજે સફળતાથી પૂરું થઈ શકે છે. શિક્ષણની દ્રષ્ટિએ દિવસ શુભ રહેશે. રાજકીય-સામાજિક ક્ષેત્રે નવા સંપર્કો બનશે. શિક્ષણ ક્ષેત્રે વિશેષ પ્રગતિ કરીને સમાજમાં તમને સન્માન મળશે.

ધનુ : આજે રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં તણાવની સ્થિતિ રહેશે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા માટે સતત મહેનતની જરૂર છે. આજે પરિવારમાં સંપત્તિને લઈને થોડો તણાવ પણ ઊભો થઈ શકે છે.

મકર : આજે તમને સંતાન તરફથી આનંદના સમાચાર મળશે. નવા ખર્ચાઓ આવશે. તમારી સામે ખોટો આરોપ પણ લગાવી શકાય છે. તેથી સાવધાન રહો. આજે ગુસ્સા પર વિશેષ નિયંત્રણ રાખો.

કુંભ : આજે શક્તિ અને સંપત્તિમાં વૃદ્ધિનો યોગ છે. આ સિવાય લાંબા સમયથી ચાલતી કાયદાકીય બાબતોમાં જીતવાની સંભાવના છે. કાર્યક્ષેત્રમાં તમે સફળતાની ટોચ પર પહોંચશો.

મીન : આજે દિવસના પહેલા ભાગમાં પારિવારિક જીવનમાં થોડી અશાંતિ રહેશે. તમારે હિંમત અને ધીરજથી કામ લેવું પડશે, કોઈપણ કામમાં ઉતાવળ કરવી નહીં. ક્ષેત્રમાં પ્રગતિ માટે ઘણો અવકાશ છે.

# મહેસાણા વન રક્ષક પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે ૮ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાઈ

મહેસાણા,

મહેસાણામાં વન રક્ષક પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે ઉનાવા પોલીસ મથકે કુલ ૮ વ્યક્તિઓ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં પ્રશ્નપત્રના મોબાઈલથી ફોટા પાડી વોટ્સએપથી આપી જવાબો તૈયાર કરાવ્યા બાદમાં ફોટા ડિલિટ કર્યા ઉપરાંત જવાબ વાળો કાગળ પણ સળગાવી દેવો તેમજ પુરાવાનો નાશ કરવાની કલમ ઉમેરવામાં આવી છે. હાલ આ અંગે પોલીસ તમામ પાસાઓને ધ્યાને રાખીને તપાસ ચલાવી રહી છે. જરૂર પડે ત્યાં ફોરેન્સિંકની પણ મદદ લેવાઈ રહી છે. આ ઉપરાંત ટેક્નિકલ સર્વેલન્સના આધારે પણ તપાસ કરવામાં આવશે.




મહેસાણામાં વન રક્ષક પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે ઉનાવા પોલીસ પણ દોડતી થઈ હતી. પેપર ફૂટ્યું છે કે આ ઘટના માત્ર એક જ કેન્દ્ર પર બની છે તે અંગે તપાસનો દોર તેજ કર્યો હતો. પટાવાળા દ્વારા બાળી દેવાયેલી કાપલીની રાખ સહિતનાં પુરાવાઓ એકત્ર કરવા કામે લાગી હતી. પ્રાથમિક તપાસમાં આ ઘટના માત્ર એક જ કેન્દ્ર પર બની હોય તેવું સાબિત થયું હતું. સરકારે પણ તાબડતોબ રિપોર્ટ મંગાવ્યો હોવાથી હાલ પ્રાથમિક દ્રષ્ટીએ આ પેપરલિક થયાની નહી પરંતુ એક જ કેન્દ્ર ખાતે ગેરરિતી થઈ હોવાનું જણાવ્યું છે.

મહેસાણાના એસપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું કે, વન રક્ષકની ભરતીમાં જે ગેરરીતિની વાત થઈ રહી છે તે એક જ કેન્દ્ર પર અને એક જ વિદ્યાર્થી પુરતી સીમિત છે. તે સિવાય અન્ય કોઈ ફરિયાદો મળી નથી. ઉનાવાની મીરાદાતાર સર્વોદયના વિદ્યાર્થીએ પ્રશ્નો સોલ્વ કરવા માટે પ્રશ્નપત્રના મોબાઈલથી ફોટા પાડી વોટસઅપથી આપી જવાબો તૈયાર કર્યા હતા. આ કામ માટે શિક્ષક અને પટાવાળાની મદદ પણ લીધી હતી. જો કે આ માત્ર એક વિદ્યાર્થી પુરતુ જ સીમિત હતું માટે વનરક્ષકની પરીક્ષા રદ્દ નહી થાય. તેવી જાહેરાત કરતા એડીશનલ પીસીસીએફ એ.કે શ્રીવાસ્તવે જણાવ્યું કે, આ કોપી કેસનો મામલો છે.

આ અંગે ૮ લોકોની અટકાયત પણ કરી દેવાય છે અને આ તમામ લોકો સામે ઉનાવા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આન્સર કી સળગાવનાર પટાવાળા અને તેને આદેશ આપનાર શિક્ષક વિરુદ્ધ પુરાવાનો નાશ કરવાની કલમ ઉમેરવામાં આવી છે. હાલ પોલીસે સાંયોગિક પુરાવા એકત્રિત કરવા માટેની તપાસ આદરી છે. આ અંગે કોઈ પણ વ્યક્તિને છોડવામાં નહી આવે. કડક કાર્યવાહી કરવામાં આવશે.

રાજુભાઈ ચૌધરી, સુમિત ચૌધરી, ઘનશ્યામ પટેલ, અલ્પેશ પટેલ, જગદીશ ચૌધરી, મૌલિક ચૌધરી, મનીષાબેન ચૌધરી, રવિ મકવાણા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદમાં પ્રશ્નપત્રના મોબાઈલથી ફોટા પાડી વોટ્સએપથી આપી જવાબો તૈયાર કરાવ્યા બાદમાં ફોટા ડિલિટ કર્યા ઉપરાંત જવાબ વાળો કાગળ પણ સળગાવી દેવો તેમજ પુરાવાનો નાશ કરવાની કલમ ઉમેરવામાં આવી છે. હાલ આ અંગે પોલીસ તમામ પાસાઓને ધ્યાને રાખીને તપાસ ચલાવી રહી છે. જરૂર પડે ત્યાં ફોરેન્સિંકની પણ મદદ લેવાઈ રહી છે. આ ઉપરાંત ટેક્નિકલ સર્વેલન્સના આધારે પણ તપાસ કરવામાં આવશે.

## વર્ષ ૨૦૨૨/૨૩માં દેશભરની તમામ પોસ્ટ ઓફિસો કોર બેકિંગ સિસ્ટમથી જોડાશે

ગોધરા,

ટપાલ વિભાગ દ્વારા વર્ષ-૨૦૨૨/૨૩માં ૧૦૦ ટકા પોસ્ટ ઓફિસ(૧.૫ લાખ પોસ્ટ ઓફિસ)કોર બેકિંગ સિસ્ટમથી જોડાશે. જે નાણાંકિય સમાવેશને સક્ષમ કરશે તથા નેટ બેકિંગ, મોબાઈલ બેકિંગ અને એટીએમ દ્વારા પોસ્ટ ઓફિસ ખાતાઓ અને બેંક ખાતાઓ વચ્ચે ઓનલાઈન ફંડ ટ્રાન્સફરની સુવિધા પ્રદાન કરશે. આ સેવાઓ ખાસ કરીને ખેડુતો અને વરીષ્ઠ નાગરિકોના ખાતાઓની આંતરિક કાર્યક્ષમતા અને નાણાંકિય સમાવેશને સક્ષમ બનાવશે. પંચમહાલ વિભાગ હેઠળના ગ્રામિણ વિસ્તારોમાં આવેલી તમામ પોસ્ટ ઓફિસમાં બચત ખાતાની સેવા અને પેમેન્ટ બેંક સેવાઓ સાથે ડીજીટલ જીવન પ્રમાણપત્ર, બિલ ચુકવણી અને મોબાઈલ રિચાર્જ જેવી સેવાઓ પણ ઉપ્લબ્ધ કરવામાં આવી રહી છે.

## સરકારી જમીનો પરના દબાણોની ત્વરીત માપણી કરી દબાણો દૂર કરવા સૂચના : મહેસૂલ મંત્રી

ગાંધીનગર,

મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે કે રાજ્યમાં જ્યાં પણ સરકારી જમીનો પર દબાણ હોય તો આવાદબાણોની ત્વરિત માપણી કરીને આવા દબાણો દુર કરવા વહીવટી તંત્રને સૂચના આપી દેવાઈ છે. આજે વિધાનસભા ખાતે ભરૂચ જિલ્લામાં ગેરકાયદે ઝીંગા ફાર્મ અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી શ્રી ત્રિવેદીએ ઉમેર્યું કે ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરીને ઝીંગા ફાર્મ ઉભા કરાયેલ પૈકી ૪૩,૦૭૨ ચો.મી. જમીનના ૫ તળાવો દૂર કરવાના બાકી હતા તે આજની તારીખે દૂર કરી દેવાયા છે. ભરૂચ જિલ્લામાં ઝીંગા ફાર્મ માટે ૭ સહકારી મંડળીઓ તથા ૪૬ વ્યક્તિગત કિસ્સા મળીને કુલ ૫૩ કિસ્સામાં ઝીંગા ફાર્મ માટે જમીન ફાળવવામાં આવી છે. ઝીંગા ફાર્મ માટે જમીન ભાડાપટ્ટે આપવા અંગેના પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ કહ્યું કે ઝીંગા ફાર્મના નિર્માણ માટે પ્રથમ તબક્કે ૨૦ વર્ષ માટે જમીન ભાડાપટ્ટે અપાય છે ત્યારબાદ પુનઃ જમીન ફાળવણી કરવાની થાય તો જે તે કલેકટરશ્રી દ્વારા જમીન ફાળવી હોય તેની સંપૂર્ણ ખાતરી બાદ બીજા ૧૦ વર્ષ સુધી લંબાવી શકાય છે અને ત્યારબાદ પણ લંબાવવા માંગણી આવે તો રાજ્યકક્ષાએથી મંજૂરી મેળવવાની હોય છે ત્યાર બાદ જમીન ફાળવવામાં આવે છે.

# દાહોદ શહેરમાં રખડતા ઢોરોના ત્રાસ રાહદારીઓને ભારે હાલાકી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેના પગલે રાહદારીઓ તેમજ સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. દાહોદ શહેરમાં રખડતા ઢોરો રસ્તા વચ્ચે અડિંગો જમાવી ટ્રાફિકની સમસ્યાઓ ઊભી કરી રહ્યા છે. ત્યારે આજરોજ દાહોદ શહેરના આંબેડકર ચોકમાં બે આખલાઓ વચ્ચે દવદ યુદ્ધ ખેલાતા કેટલાક વાહનોને નુકસાન પહોંચવા પામ્યો છે.

દાહોદ શહેર હવે સ્માર્ટ સિટી તરફ પ્રયાણ કરી રહ્યું છે. ત્યારે આ સ્માર્ટ સિટીમાં દાહોદ નગરપાલિકા દ્વારા રખડતા ઢોરોને માંથી દાહોદ ને મુક્ત કરવા માટે કેટલાય વાયદાઓ કરવામાં આવ્યા છે. પરંતુ છેવટે આ વાયદાઓ પોકળ સાબિત થયા હોય તેમ સાબિત થઇ રહી છે. દાહોદ શહેરમાં ઠેરઠેર કાઢો તેમજ આખલા વચ્ચેની લડાઈમાં કેટલાય વાહનોનો ખુરદો બોલાઈ રહ્યું છે. જેના પગલે સ્થાનિકો તેમજ રાહદારીઓ, શહીદ વાહનચાલકોને હાલાકીની સાથે નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. દાહોદ શહેરના આંબેડકર ચોકમાં આજરોજ બે આખલા વચ્ચે શરૂ થયેલી લડાઈમાં કેટલાય વાહનોને નુકસાન પહોંચ્યું છે. ત્યારે આનો જવાબદાર કોણ..?? દાહોદ નગરપાલિકા દ્વારા દાહોદ શહેરમાં રખડતા ઢોરો માંથી મુક્ત કરવા માટે જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ એક માત્ર કાગળ કાગળ પૂરતી સીમિત થઈ ગઈ હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ શહેરમાં ઠેરઠેર આખલા વચ્ચે ખેલાતા યુદ્ધમાં કોઈ નિર્દોષનો ભોગ લેવાય તે પહેલા પાલિકા તંત્ર આ મામલે ગંભીરતા સાથે શહેરીજનોની સુખાકારી તેમજ હિતોને ધ્યાને લઇ દાહોદ શહેરના રખડતા ઢોરો માંથી મુક્ત કરાવે તેવી લાગણી અને માંગણી ઉપર બનવા પામી છે.

## નવા બજેટમાં રૂ.૨૭૫ કરોડની સબસીડીની જોગવાઈ છે
## દે.બારીયા તાલુકાની રેશનની દુકાનોમાં રૂ.૫૦માં તુવેરદાળ અને રૂ.૩૦માં ચણા મળ્યા નથી

દે.બારીયા,

નવા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એન.એફ.એસ.એલ. રેશનકાર્ડ ધરાવતા ૭૦ લાખ કુટુંબોને દર માસે રૂ.૫૦ના ભાવે એક કીલો તુવેરદાળનું વિતરણ કરવામાં આવશે.

તેમજ વિકાસશીલ તાલુકાઓમાં દર માસે કાર્ડ દીઠ રૂ.૩૦ના ભાવે એક કીલો ચણાનું વિતરણ કરવામાં આવશે. તેવી જાહેરાત થઈ હતી. તેના માટે રૂ.૨૭૫ કરોડની સબડીસીની ગતિશીલ સરકારે જાહેરાત પણ કરી દીધી હોવા છતાં દે.બારીયા મોડેલરૂપી તાલુકો હોવા છતાં અન્ન નાગરિક પુરવઠા વિભાગના ગોડાઉનમાં ચણાનો જથ્થો આવ્યો નથી. તાલુકાના દીનદયાલ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાનોમાં દાળ તેમજ ચણાનો જથ્થો આવ્યો નથી. ત્યાં ખાલી ઘઉં, ચોખા અને ખાંડનું વિતરણ કરાયું છે. દાળ, ચણાનો જથ્થો કયારે વિતરણ કરાશે. આ માસ પુરો થવાના આરે છે શું ? આવતા માસમાં આ બાકીનો જથ્થો લાભાર્થીઓને મળશે ખરો ? તે મોટો સવાલ છે? ગતિશીલ અને ગરીબોની સરકારનો ઢંઢેરો પીટવામાં આવે છે. આખા ગુજરાત માટે રૂ.૨૭૫ કરોડની સબસીડીની જોગવાઈ થઈ ચુકી છે અને ચણાના માટે રૂ.૫૦ કરોડની સબસીડી ચુકવવાની સરકારે ઘોષણા કરી છે. તેમ છતાં માર્ચ માસ પુરો થવા આવ્યો. દાળ તથા ચણા માંથી લાભાર્થીઓને મેળવવા માટે ધરમધકા સસ્તા અનાજની દુકાનોના ખાય છે. તે માટે કોણ જવાબદાર છે.

તે લાભાર્થીઓ પુછી રહ્યા છે. આ માસનો જથ્થો અમને કોણ અપાવશે ? તે નાગરિક પુરવઠા વિભાગના ગોડાઉન મેનેજર તેમજ દે.બારીયા તાલુકા પુરવઠા નાયબ મામલતદાર આનો જવાબ આપે ગરીબો માટે જે પણ જથ્થો સરકારના થકી આવે છે. તેનો એક પણ લાભાર્થી બાકીના રહે તેની તકેદારી સરકારી તંત્રની છે. જેને મળી ગયું તેને મળી ગયું જે રહી ગયો તે રહી જ ગયો આવું ચાલતુ હોય અને બાકીનો જથ્થો સગેવગે થતો કોણ અટકાવશે ? તેના માટે ઉચ્ચપદના અધિકારીઓ પગલા ભરે અને તમામ ગરીબ કુટુંબોને સરકારની યોજનાનું લાભ મળે નહીંકે દુકાનદારો સગેવગે કરીને ભાગ બટાઉમાં સામેલ થાય છે. તેવી આમ જનતાનો યક્ષ પ્રશ્ન છે.

## ગુજરાત ટુરીઝમ ટ્રાયબલ ટુરીઝમના વિકાસ સાથે યુવાનોને રોજગારી માટે ટ્રેનિંગ અપાઈ



દાહોદ,

ગુજરાત સરકાર અને ગુજરાત ટુરિઝમના યોગ્ય પ્રયત્નના કારણે ગુજરાત ટુરિઝમ હરણફાળ ભરેલ છે. અહુવા થી લઇને અંબાજી સુધી ઐતિહાસીક આકર્ષણના વન્યજીવો, ધાર્મિક સંસ્થા, વિશ્વનો આસ્થાના કેન્દ્રો તથા આદિવાસી જીવન શૈલી કારણે ટુરિઝમની અખૂટ સંભાવના રહેલી છે.

ગુજરાત ટુરિઝમે ટ્રાઈબલ ટુરિઝમના વિકાસ માટે કામ કરી રહા છે. આ માટે યુવાઓને રોજગારીની તકો મળે અથવા તે આત્મનિર્ભર બની શકે. આ માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અને સ્કિલ ગુરૂએકેડેમી કામ કરી રહા છે. હાલમાં દાહોદમાં નવજીવન બી એડ કોલેજ ઉપર સર્ટિફિકેટ કોર્સ ઈન એન્ટરપ્રેરિઅલ સ્કિલ ફોર ટૂરિઝમ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી માટે પસંદ કરેલા ૩૦ વિદ્યાર્થીને ૨૫ દિવસ માટે ટ્રેનિંગ આપવામાં આવી અને આજે એમને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.

## દાહોદના રાબડાળ ગામે ફોર વ્હીલ માંથી ૧.૯૩ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાળ ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૧,૯૩,૯૨૦ના પ્રોહી જથ્થા સાથે બે જણાની અટકાયત કરી ફોર વ્હીલર ગાડી કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી માર્ચના રોજ દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે કશના ફળિયામાં રહેતાં જીતેન્દ્રભાઈ પ્રેમસીંગભાઈ બેરાવત અને દાહોદ તાલુકાના બોરવાણી ગામે ખાયા ગરેરા ફળિયામાં રહેતાં કમલેશભાઈ ધિરજીભાઈ પલાસ બંન્ને જણા પોતાના કબજાની એક ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો લઈ રાબડાળ ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન રાબડાળ ગામે નાકાબંધીમાં ઉભેલ પોલીસે ઉપરોક્ત બંન્ને જણાને ફોર વ્હીલર ગાડી સાથે ઉભા રાખી તેઓની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૧૫૩૬ કિંમત રૂા. ૧,૯૩,૯૨૦ ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૯૩,૯૨૦નો મુદ્દામાલ કબજે કરી દાહોદ તાલુકા પોલીસે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ગોધરાના મનીષા ડામોરનો વાર્તા સંગ્રહ ખુલ્લો મૂક્યો



ગોધરા,

સાહિત્ય અને કલા ક્ષેત્રે કામ કરતી જાણીતી સંસ્થા કુમાર આટ્ર્સ ફાઉન્ડેશન ગોધરા-અમદાવાદ દ્વારા આયોજિત ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ગોધરાના મનીષા ડામોરનો વાર્તા સંગ્રહ સરુંનો વાર્તાલોક ખુલ્લો મૂક્યો હતો.

વિશ્વ રંગભૂમિ દિવસે અમદાવાદ ખાતે આવેલી એચ.કે આટ્ર્સ કોલેજનાં સી સી હોલ ખાતે ગોધરાના વાર્તાકાર મનિષાબેન ડામોરનો વાર્તાસંગ્રહ સરુંનો વાર્તાલોકનું વિમોચન કરવામાં આવ્યું. આ સમારોહમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મ ડો વિષ્ણુભાઈ પંડ્યા સહિત ગુજરાતી ફિલ્મ અને નાટ્ય ક્ષેત્રે જોડાયેલા કલાકાર સુ ભાવિનીબેન જાની તેમજ કમલેશભાઈ શાહ તેમજ માબાપને ભૂલશો નહીં ફેમના જાણીતા આર્ટિસ્ટ અશ્વિનભાઈ જોશી તથા ગોવિંદ ગુરૂયુનિવર્સિટી ગોધરાના ગુજરાતી વિભાગના વડા ડો.કુમાર જૈમિનિ શાસ્ત્રીના વરદ હસ્તે આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુજરાતી નાટકના કલાકારો તેમજ સાહિત્ય ક્ષેત્રના કવિઓ, લેખકો અને સર્જકો ઉપસ્થિત રહ્યા હતા. ગોધરા આકાશવાણી ખાતે ઉદઘોષિકા તરીકે ફરજ બજાવતા મૂળ મહિસાગર જિલ્લાના સગવડીયા ગામના મનિષાબેન ડામોર 'સરૂં' નો કાવ્યસંગ્રહ સરુંનો વાર્તાલોક આજ રોજ અમદાવાદ ખાતે ગુજરાત રાજયના સાહિત્ય અકાદમી ગાંધીનગરના પ્રમુખ પદ્મ ડો વિષ્ણુ પંડ્યા અને અન્ય મહાનુભાવોના હસ્તે વિમોચન કરી ખુલ્લો મુકવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગુજરાત ગુજરાત ભરના વિવિધ જિલ્લાઓમાંથી કવિઓ લેખકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુમાર આર્ટ સ ફાઉન્ડેશનના પ્રમુખ ડો કુમાર જૈમિની શાસ્ત્રીએ કર્યું હતું. સ્વાગત પ્રવચન ફાઉન્ડેશનના મહામંત્રી હેમાંગ ડણાકે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ગોવિંદ ગુરૂયુનિવર્સિટીના શોધાર્થી અને રાયસીંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મહેન્દ્રકુમાર પરમારે કરી હતી.

## સંજેલી નગરમાં મહાલક્ષ્મી ઈલેકટ્રીક દુકાન માંથી ધોળા દિવસે ચોરીના બનાવ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં આવેલી મહાલક્ષ્મી ઈલેક્ટ્રિક સેલ્સ નામની ઈલેક્ટ્રિક ની દુકાનમાંથી ધોળા દિવસે ચોરીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી હતી. એક અજાણ્યા ઈસમ દ્વારા દુકાનની આગળ મુકી રાખેલ ટેબલ પંખો ચોરી કરી જતાં આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સંજેલી નગરમાં મંગળ બજાર વિસ્તારમાં એક મહાલક્ષ્મી ઈલેક્ટ્રિક સેલ્સ નામની દુકાનમાંથી ધોળા દિવસે એક અજાણ વ્યકિત ઈલેક્ટ્રિકની દુકાન આગળ આમ તેમ જો નજરે ચડ્યો હતો. જે થોડીવાર પછી તકનો લાભ લઈ અને દુકાનમાંથી આગળના ભાગે મુકેલ ટેબલ પંખો ચોરી કરી અને ત્યાંથી ભાગી ગયો હતો. આ બાબતની જાણ દુકાનદાર રમેશભાઈ કલાલને થતા જ દુકાને આગળથી પંખો ચોરાયો હોવાનો અનુમાન લગાવતા નજીકની દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરા તપાસ કરવામાં આવી હતી. ત્યારે જાણવા મળ્યું હતું કે, દુકાનમાંથી આગળના ભાગે જ મુકેલો ટેબલ પાંખો ચોરી કરી અને ભાગી ગયો હતો. ત્યારે આ સીસીટીવી કેમેરાના વિડીયો સોશિયલ મીડિયામાં પણ હાલ વાયરલ થયાં હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમજ આવા ચોરોને પણ પકડવામાં આવે તેમ જ કાયદેસર કાર્યવાહી થાય તેવી સંજેલીના જાગૃત લોકો દ્વારા પણ માંગ કરવામાં આવી રહી છે.

# દાહોદ જીલ્લામાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આપવા આવેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો સમગ્ર ગુજરાતમાં આરંભ થઈ ગયો છે. ત્યારે દાહોદ જિલ્લામાં પણ બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થતાં પહેલા દિવસે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા કેન્દ્રો ખાતે પહોંચ્યાં હતાં. વિદ્યાર્થીઓની સાથે સાથે તેઓના વાલીઓ પણ પહોંચ્યાં હતા. જ્યારે પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું શાળા સંચાલકો તેમજ શિક્ષકો દ્વારા સ્વાગત કરી શુભેચ્છા પાઠવી હતી. દાહોદ જિલ્લામાં કુલ ૫૩,૯૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થઈ ગયો છે. પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં. વિદ્યાર્થીઓની સાથે સાથે તેઓના વાલીઓ પણ પરીક્ષાના પ્રારંભ અને અંત સુધી પરીક્ષા કેન્દ્રો બહાર જોવા મળ્યાં હતાં. પરીક્ષા કેન્દ્રોની બહાર પોલીસનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યાં હતો. દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ માટે ૩૬૨૧૦, સામાન્ય પ્રવાહના ૧૫૦૬૦ તેમજ વિજ્ઞાન પ્રવાહના ૨૬૬૭ વિદ્યાર્થીઓ એમ કુલ ૫૩૯૭૧ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. સંવંદનશીલ પરીક્ષા કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પરીક્ષા પારદર્શક રીતે યોજાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષામાં ચેકિંગ સ્કોવોર્ડ, સીસીટીવ કેમેરા, પરીક્ષા કેન્દ્રોની આસપાસ કડક પ્રતિબંધો તંત્ર દ્વારા ફરમાવવામાં આવ્યાં છે. બોર્ડની પરીક્ષા ન્યાયીક રીતે યોજાય અને પેપર લીક જેવા ઘટનાઓ ન બને તે માટે સીસીટીવી કેમેરા સામે પરીક્ષાના પ્રશ્નના બોક્સ ખોલવાનો આદેશ આપવામાં આવ્યો છે. બોક્સ ખોલતા પહેલા ખંડ નીરીક્ષક અને સ્થળ સંચાલકની સહી કરવાની સુચના આપવામાં આવી છે. દાહોદ ઝોનમાં ૧૮ કેન્દ્રોમાં ૬૯ બિલ્ડીંગ અને ૬૮૭ બ્લોક નક્કી કરવામાં આવ્યાં છે જ્યારે લીમખેડા ઝોનમાં ૧૫ કેન્દ્રો, ૫૧ બિલ્ડીંગમાં ૫૨૦ બ્લોક નક્કી કરવામાં આવ્યાં છે. આ સાથે ધોરણ ૧૨માં દાહોદ ઝોનમાં સામાન્ય પ્રવાહ માટે ૨૦ કેન્દ્રો, ૪૮ બિલ્ડીંગ, વિજ્ઞાન પ્રવાહ માટે ૨ કેન્દ્રો, ૮ બિલ્ડીંગ, ૫૨૦ બ્લોક નક્કી કરવામાં આવેલ છે.

અત્રે ઉલેખનીય છે કે, છેલ્લા ૨ વર્ષમાં શાળાઓ બંધ હતી. વિદ્યાર્થીઓ ઓનલાઈન જ ભણતા હતાં. ઓફલાઈન શિક્ષણ સાથે ટ્યુશનનો સમય પણ ઓછો મળ્યો છે ત્યારે સીધી પરીક્ષા આફવા માટે કેટલાંક વિદ્યાર્થીઓ મુંઝવણમાં છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા તાલુકા ૨૮ માર્ચના રોજ થી સારૂ થનાર ૧૦ અને ૧૨ મા ધોરણ પરીક્ષાની શરૂઆત થનાર રહી છે. ત્યારે આજે ફતેપુરા તાલુકાની શાળાઓમાં પણ આજે શરૂઆત થઈ છે. ત્યારે શાળામાં શિક્ષકો અને આચાર્યો દ્વારા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી પરીક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી. જ્યારે બાળકોએ શિક્ષકો અને આચાર્યના આશીર્વાદ લઈ શાળામાં પરીક્ષા આપવા બેઠા હતા.

# દાહોદ પાલિકાની ખાસ સામાન્ય સભામાં બજેટ બોર્ડની જાહેરાત કરાઈ

દાહોદ,

દાહોદ નગરપાલિકામાં આજરોજ ખાસ સામાન્ય સભા મળી હતી જેમાં બજેટ બોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. આ બજેટ બોર્ડમાં રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, ભુગર્ભ ગટર વિગેરેની વ્યવસ્થા માટે સુચારૂં આયોજન કરવામાં આવનાર હોવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકાના સભા ખંડ ખાતે મળલે ખાસ સામાન્ય સભામાં બજેટ બોર્ડ રાખવામાં આવ્યું હતું. આ બજેટ બોર્ડમાં ભુગર્ભ ગટર હાઉસ કનેક્શન જોડવાની કામગીરી, સ્ટ્રીટ લાઈટની કામગીરી, મિલ્કતો પર સોલર સિસ્ટમ લગાવવાની કામગીરી, હેમંત ઉત્સવ બજારનું નવીનીકરણ, નવીન શાક માર્કેટર, વાહનોનું પાર્કિંગ, મુક્તિધામમાં પ્રાથમીક સુવિધા, નવીન ગાર્ડન, નગરપાલિકાની ઓળખ સાથેનો પ્રવેશ દ્વારા, વાહન વેરો, વિવિધ વિસ્તારોના રસ્તાઓ, દાહોદ નગરમાં સિક્યુરીટી સિસ્ટમ, બ્યુટીકેશન, સ્વચ્છતા, નવીન પાણીની ટાંકીઓ વિગેરે કામોના આયોજનની ચર્ચા વિચારણા સાથે બજેટ રજુ કરવામાં આવ્યું હતું.

દાહોદ નગરપાલિકાના સાશક પક્ષના નેતા રાજેશ સહેતાઈના જણાવ્યાં અનુસાર, દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત વિવિધ કામો ચાલી રહ્યાં છે. ત્યારે તેમાં પાણીની પાઈપ લાઈન નાંખવાની કામગીરી પણ ચાલતી રહી છે. તેમાં સ્માર્ટ સીટીની કોન્ટ્રાક્ટરો દ્વારા ખોદકામ કરતાં રસ્તાઓ ખોદી નાંખ્યા છે અને તે માટે અગાઉ નવીન રસ્તાઓના ૧૨ કરોડ રૂપીયા બચાવી લેવામાં આવ્યાં છે. જેમાં નવા રસ્તાઓ બનાવવા માટે પહેલા સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતી ખોદકામની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ રસ્તાઓનું કામકાજ હાથ ધરવામાં આવશે. રસ્તાઓનું કામકાજ અગાઉ હાથ ધરવામાં આવતું તો ખોદકામ દરમ્યાન નવીન રસ્તાઓ ખોદી નાંખવામાં આવતાં અને પૈસા પાણીમાં જતાં તેવા પોતાના અંગત મંતવ્ય સાથે ૧૨ કરોડની માતબર રકમ બચાવી લઈ ખોદકામની પ્રક્રિયા પૂર્ણ થયાં બાદ રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## ગાંધીનગર ખાતે વિધાનસભા ઘેરાવા માટે જતા દાહોદ જિલ્લાના કોંગ્રેસના ૧૭ જેટલા કાર્યકર્તાઓને પોલીસે ડિટેઈન કર્યા



દાહોદ,

વિવિધ મુદ્દાઓને લઈ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર ખાતે વિધાનસભા ઘેરાવા માટે જવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ વિધાનસભા ઘેરાવા માટે જતા હતા. તે સમયે પોલીસને આ બાબતની જાણ થતાં દાહોદ જિલ્લાના ૭ જેટલા કોંગ્રેસના કાર્યકર્તાઓ અને રસ્તામાં જ પોલીસે અટકાયત કરી ડિટેઈન કરવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખ હર્ષદ નીનામા, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સંજય નીનામા સહિત ૧૭ જેટલા કાર્યકર્તાઓને પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યા હતા.

## ખેડાપા થી ફતેપુરા થઈ દાહોદ જતી મોર્નિંગની બસ બંધ કરાતા મુસાફરો પરેશાન

ફતેપુરા,

એસ.ટી. નિગમ દ્વારા ખેડાપાથી ફતેપુરા થઈ સવારના ૬ વાગ્યે દાહોદ જતી બસ કેટલાય વર્ષોથી રાબેતા મુજબ ચાલતી હતી.

ફતેપુરાના વેપારીઓ અને વિદ્યાર્થીઓ મુસાફરો લાભ લઈ રહ્યા હતા અને બસની આવક પણ સારી હતી પરંતુ નિગમ દ્વારા આ બસ એકાએક બંધ કરી દેવાતા મુસાફરોને મુશ્કેલી ભોગવવી પડી રહી છે. આ બસની આવક સારી હોવા છતાં કયા કારણોસર બંધ કરી દેવામાં આવી છે તે અંગે સવાલ કરીને આ બસ પુનઃ ચાલુ કરવા માટે ડેપો મેનેજર ઝાલોદને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. તેમજ આ બસ પુનઃ ચાલુ કરવામા નહિ આવે તો બસ રોકો આંદોલન કરવાની ચિમકી પણ આપી છે.

## ફતેપુરા તાલુકાના ગામડાઓના તળાવોમાં પાણી ભરવા રજુઆત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ગામડાઓના તળાવો પાણીની ભરવા તેમજ જિલ્લા પંચાયત વિસ્તારને પાણી આપવા પુર્વ સંસદ દ્વારા મામલતદારને રજુઆત કરવામાં આવી હતી.

કડાણા જળાશય યોજનામાંથી સિંચાઈનુ પાણી પાટાડુંગરી સુધી જવાનુ છે તો તેમાંથી ફતેપુરા તાલુકાના ગામડાઓમાં આવેલ તળાવમાં પાણી ભરવા, નીંદકાપુર્વ ઢઢેલા, ફતેગડી, ધુધસ, જલાઈ વાંદરીયા પુર્વ નવા તળાવ જગોલામાલ તળાવ, છાલોર, ભીચોર, ફતેપુરા, લેલાવા તળાવ, મોટીરેલ, સલરા ઝેર ડુંગર, ગડરા, પાટવેલ, નવાગામ, સકવાડા, ગામડાઓમાં આવેલ તળાવો ભરવા માટે રજુઆત કરી હતી. કડાણા જળાશય આધારિત સિંચાઈ અને પીવાના પાણીની યોજના ઘણા ગામડાનો સમાવેશ થતો નથી. અગમ્ય કારણોસર ફતેપુરાના સલરા, ધુધસ, મોટીરેલ પુર્વ, નીંદકાપુર્વ જિલ્લા પંચાયત વિસ્તારને પાણી આપવાની યોજનામાં સમાવેશ કરાયો નથી. તેમજ નર્મદા જળાશયમાંથી દાહોદ જિલ્લાને હાંફેશ્વર પાણી પુરવઠા યોજના મંજુર થયેલ છે તે ઝડપથી પુર્ણ કરવા માંગણી કરી હતી.



સમગ્ર ગુજરાત રાજયમાં S.S.C. બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. જેમાં રણજીતનગર માધ્યમિક વિદ્યામંદિર હાઈસ્કૂલને ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા S.S.C. બોર્ડનું કેન્દ્ર આપવામાં આવ્યું છે. જેમાં રણજીતનગર માધ્યમિક વિદ્યામંદિર હાઈસ્કૂલ તથા આસપાસની 5 માધ્યમિક શાળાના બોર્ડની પરીક્ષા આપતા ૩૧૨ વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા તેમજ બોર્ડની પરીક્ષા થી ભયમુક્ત થવા અને ઉજવળ કારકિર્દી માટે ઘોઘંબા તાલુકાનાં રણજીતનગર મુકામે આવેલ ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ અને માધ્યમિક વિદ્યામંદિર હાઈસ્કૂલ રણજીતનગર દ્વારા બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ ને શુભેચ્છા પાઠવી અને બોલપેન ગુલાબનું ફૂલ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.182

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા તાલુકાના કાનપુર ગૃપ ગ્રામ પંચાયતના સરપંચે

# ૨૦૧૯ થી ૨૧ દરમિયાન વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર કર્યાની તપાસની માંગ સાથે DDOને રજુઆત

ગોધરા,

ઘોઘંબા તાલુકાના કાનપુર જુથ ગ્રામ પંચાયતમાં ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીના સમયગાળામાં સરપંચ તરીકે હોદ્દા ઉપર રહી તલાટી તથા જી.આર.એલ. તથા એ.પી.ઓ.ની મદદગારી થી મનરેગા યોજના અંતર્ગત વિકાસના કામોમાં ગેરરીતિ આચરી કરોડો રૂપીયાના ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. સરપંચપદ ઉપર રહ્યા દરમિયાન ૨ થી ૩ કરોડ રૂપીયાની મિલ્કત વસાવી હોય તેવા ગંભીર આક્ષેપો અને આરોપ સાથે પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારીને ગામના અરજદારે તપાસ કરી કરેલ ભ્રષ્ટાચારની તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે નહીં તો જાહેર હીતમાં હાઈકોર્ટમાં પી.આઈ.એલ. કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.



ઘોઘંબા તાલુકાના કાનપુર જુથ ગ્રામ પંચાયત ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીના સમયગાળામાં વિઠ્ઠલભાઈ છગનભાઈ ચૌહાણ સરપંચના હોદ્દા ઉપર હતા. આ સમયગાળા દરમિયાન સરપંચ, તલાટી, જી.આર.એસ. તથા એ.પી.ઓ.ની મદદગારી થી મનરેગા યોજના અંતર્ગત વિકાસના કામોમાં ગેરરીતિ આચરીને ભ્રષ્ટાચાર આચરીને સરકારી નાણાંનો દુરવ્યર્વ કરેલ છે. કાનપુર જુથ ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર કરેલ છે. કાનપુર ગામના લાભાર્થી કૈલાસબેન ભારતસિંહ તેમની આઈડી થી મંજુર

૨૦૧૭ માં કાનપુર ગ્રામ પંચાયતમાં સરપંચ બનેલ વિઠ્ઠલભાઈ ચૌહાણ પાસે બાઈક સિવાય તેમની પાસે કંઈ હતું નહી અને કાચું મકાન હતું. સરપંચ બન્યા બાદ અન્ય કોઈ ધંધો ન હોવા છતાં પાંચ વર્ષમાં ૧૨ લાખની કાર, ઘોઘંબામાં ૭૫ લાખનો પ્લૉટ, કાનપુરમાં ૫૦ લાખની જમીન અને ૫૦ લાખનું ઘર બનાવેલ છે. આંમ, પાંચ વર્ષમાં ૨ થી ૩ કરોડની મિલ્કત વસાવેલ છે. ત્યારે આ મિલ્કત કઈ આવકના સ્ત્રોત માંથી આવી તેની તપાસ કરવામાં આવે.

- ૨૦૧૭માં સરપંચના હોદ્દા ઉપર આવી પાંચ વર્ષમાં ૨ થી ૩ કરોડની મિલ્કત વસાવી.
- વિકાસના કામો સ્થળ ઉપર કર્યા વગર નાણાં ઉપાડી લેવાયા.
- કાનપુર પંચાયતમાં ગત પાંચ વર્ષ થયેલ ગેરીરીતિની તપાસ ન થાય તો હાઈકોર્ટમાં પી.આઈ.એલ. કરાશે.

થયેલ આ નાણાં એસ.ટી. ખાતામાં સરકારી નોકરી કરતા સુરેશભાઈ નરવતસિંહના ખાતામાં નાખીને નાણાં ઉપાડી લીધેલ છે. કાનપુર નાયકવાસ તરફનો સી.સી.રોડ પાર્ટ–૧ અને પાર્ટ–૨ માં વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૦ના વર્ક ઓર્ડરમાં મંજુર કરી તેના ૪ લાખ રૂપીયા ઉપાડી લેવામાં આવ્યા. પરંતુ સ્થળ ઉપર રસ્તો બનાવ્યા વગર ૧૪માં નાણાં પંચના નાણા ઉપાડી લઈ નાણાંકીય ગેરરીતિ આચરેલ છે.

આમ, વાવની મુવાડી ભાથીજી મંદિર તરફના સી.સી.રોડ વર્ષ ૨૦૧૯ –૨૦૨૦માં ૧૪ નાણાંપંચમાં ૪ લાખનો સી.સી.રોડના નાણાં ઉપાડી લેવામાં આવ્યા સ્થળ ઉપર રસ્તો બનેલ નથી. કાનપુર નાયકવાસના બે લાભાર્થીના કેટલ શેડ બતાવેલ રેકર્ડ ઉપર દર્શાવી તેના નાણાં ઉપાડી લેવામાં આવ્યા પણ કેટલ શેડ બનેલ નથી. કાનપુર ગ્રામ પંચાયત ઘરમાં સ્ત્રી અને પુરૂષના અલગ– અલગ શૌચાલ બનાવવા વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૫માં નાણાપંચ માંથી ૧ લાખ રૂપીયાનો ખર્ચ સરપંચે નાથાં ઉપાડી લીધા પરંતુ પંચાયતમાં સ્ત્રી–પુરૂષના અલગ શૌચાલય યુનિય બનાવવામાં આવ્યા નથી. કાનપુર ગ્રામ પંચાયતના વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ સુધી સરપંચ પદ ઉપર રહીને કાનપુર જુથ ગ્રામ પંચાયતમાં આવતાં કાનપુર, એંદલપુરા, દોલતપુર, મહાદેવીયા, વાવની મુવાડી, અડવાળ જેવા ગામોના વિકાસના કામોની તપાસ કરવામાં આવે તો કાનપુર પંચાયતમાં પાંચ વર્ષમાં કરોડો રૂપીયાનો ભ્રષ્ટાચાર થયેલ છે. કાનપુર ગ્રામ પંચાયતમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલ વિકાસના કામોની તપાસ સમય મર્યાદા કરાવી નાણાંકીય ગેરરીતિ કરી સરકારી નાણાંની ઉચાપત કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારીને ગ્રામજનો સાથે અરજદારે લેખિત રજુઆત કરાઈ છે. કાનપુર ગ્રામ પંચાયતમાં ગત પાંચ વર્ષમાં થયેલ ભ્રષ્ટાચારની યોગ્ય તપાસ કરી કસુરવારો સામે કાર્યવાહી નહી કરવામાં આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરાશે તેમજ જનતાના વિકાસ માટે નાણાંના દુરવ્યર્ચ અંગે હાઈકોર્ટમાં પી.આઈ.એલ. દાખલ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# લીમખેડા પ્રાંત અધિકારીના ખેડુત ખરાઈના પ્રમાણપત્ર આધારે કુતુબુદ્દીન રાવતએ ખેડુત બની ગોધરાની જમીન ખરીદી

ગોધરા,

ગોધરા પ્રાંતના તકરારી કેસ નંબર–૨૦૦/૨૧ તા.૮/૧૨/૨૦૨૧ના રોજ બિનખેડુતની નોંધ પ્રમાણિત કરવા પ્રાંત અધિકારી ગોધરા દ્વારા કુતુબુદ્દીન નુરૂદ્દીન રાવત ખેડુત ખાતેદાર હોવા અંગે પ્રાંત અધિકારી લીમખેડા પ્રાંત જીલ્લા દાહોદ ખેડુત ખરાઈના પ્રમાણપત્ર નંબર ORA/ ૨૨/૧૪/૧૧૪/૬/૨૦૨૧ તા.૪/૫/૨૦૨૧ના રજુ કરેલ છે. તે ખેડુત હોવાનું જણાઈ આવે છે. તે પ્રાત અધિકારી ગોધરા જાહેર કરેલ છે.

પરંતુ હાલ કુતુબુદ્દીન રાવતના વારસો દાહોદની સર્વે નંબર–૯૬૪ પૈકી પ્રથમ વેચાણ નોંધ–૩૦૯૦૨ તા.૩૧/૮/૧૮ થી ખેડુત બનેલ છે. જેમાં તેઓ મોજે બોજપુર તા.ધાનપુર જીલ્લા દાહોદના સર્વે નંબર ૨૪/૩ વાળી જમીન થી ખેડુત બનેલ છે. આ જમીન મુળ મોહસીનભાઈ દાઉદભાઈ રાવતનું નામ વેચાણ નોંધ નં.૮૫ તા.૧/૮/૭૨ દાખલ થયેલ છે. રાવત ગુજરી જતાં વિગેરે રાવતોના નામ નોંધ નં.૧૩૨ તા.૧૩/૨/૧૫ થી દાખલ થયેલ છે પરંતુ ઉપરોકત હુકમમાં રજીસ્ટ્રર દસ્તાવેજ થી કુતુબદદ્દીન રાવત વિગેરે મુળ આદિવાસીઓની જમીન વેચાણ દસ્તાવેજમાં નંબર ૮૨૩૭ રજુ કરેલમાં નોંધ નંબર–૧૩૦૭૬નો સ્પષ્ટ્ર તરીકે ઉલ્લેખ કરેલ છે. આ નોંધ સક્ષમ અધિકારીની મંજુરી લીધેલની વિગતો પ્રાંત દ્વારા ખેડુત હોવાનો દાખલો આપ્યાનો ફકત ઉલ્લેખ કરેલ છે.

## હાલોલ VHP બજરંગ દળ સંયોજક

# જલ્પેશભાઈ સુથાર તથા આગેવાન કાર્યકર્તાઓની ઉપસ્થિતીમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન પગપાળા યાત્રાળુઓ માટે હેલ્પલાઈનની શરૂઆત

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે હિન્દુ તહેવાર ચૈત્રી નવરાત્રી દરમિયાન પગપાળા આવતા યાત્રાધામ પાવાગઢ ખાતે યાત્રાળુઓને કોઈ અગવડ ન ઉભી થાય તે હેતુસર યાત્રાધામ પાવાગઢ માતાજીના દર્શનાર્થીઓ ચાલતા હોય તે દરમ્યાન કોઈ પણ જાતની અગવડતા ઉભી ન તે માટે આજરોજ બજરંગ દળના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં સતત સેવા આપવા તૈયારીઓ દર્શાવી હતી. ત્યારબાદ પાવાગઢ માંચી થી હાલોલ પંચમહાલ વિસ્તારમાં એક હેલ્પલાઈન નંબર સાથે સેવા આપવામા આવશે. જેથી યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા પગપાળા યાત્રાળુઓ માટે વાહનવ્યવહાર ની સમસ્યાઓ તથા આરોગ્ય લક્ષી સમસ્યાઓ તથા કોઈ યાત્રાળુ ખોવાય જાય તેવી સમસ્યાઓ માટે સતત કટિબદ્ધ થઈ બજરંગ દળના સંયોજકો ૨૪ કલાક સતત નવ દિવસ



સુધી સેવા બજાવવાની તૈયારીઓ સાથે V.H.P., બજરંગ દળ સંયોજકો સાથે આજરોજ હાલોલ કંજરી રોડ રામદેવજી મંદિર ખાતે મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ આયોજન દરમિયાન યાત્રાળુઓ માટે રામદેવજી મંદિર કંજરી રોડ હાલોલ ખાતે વિસામો કરી માતાજીના દર્શનાર્થીઓ પગપાળા યાત્રાળુઓ માટે દવા, શરબત તથા આરામ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંશનીય મિટીંગ દરમિયાન કનકભાઈ મારવાડી તથા દીપકભાઈ દરજી તથા વિષ્ણુભાઈ તથા જલ્પેશભાઈ સુથાર તથા સ્વદેશ દર્પણનના તંત્રી પુષ્પેન્દ્રસિંહ રાઠોડ તથા બજરંગ દળના સંયોજકો સહીત ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દલ દવારા આજ રોજ આવનાર ચૈત્રી નવરાત્રી દરમિયાન રામ નવમીના રામોત્સવના કાર્યક્રમ હનુમાનજયંતિ ઉજવણી અને ભવ્ય ત્રિશુલ દીક્ષાનો કાર્યક્રમની ચર્ચા થઈ અને નવરાત્રી નિમિતે પાવાગઢ મંદિરથી લઈ સમગ્ર પંચમહાલ જિલ્લામાં તમામ જગ્યાએ યાત્રાળુઓને સેવા પુરી પાડવાની અને વિસામાની યોજના બનાવવામાં આંવી. રામ નવમી નિમિતે રામ નવમી થી હનુમાન જયંતિ લાગીને રામોત્સવ વધુમાં વધુ કરવા અને હનુમાન જયંતીએ ભવ્ય ત્રિશુલ દીક્ષાનું આયોજન રાખેલ છે તથા આવનાર સમયમાં દક્ષિણ ગુજરાત પ્રાંતના તમામ કાર્યકર્તાનો વર્ગ પંચમહાલ ખાતે રાખેલ છે. તે સંદર્ભે ચર્ચા થઈ. જેમાં વિશ્વા હિન્દુ પરિષદના વિભાગ સંગઠન મંત્રી ઈમેશભાઈ પરીખ, બજરંગ દલના વિભાગ સહયોજક જલ્પેશભાઈ સુથાર, પ્રખંડ મંત્રી કનકભાઈ મારવાડી, પ્રખંડ સહયોજક વિષ્ણુભાઈ તથા સહુ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# નવા લીંબોદ્રા પ્રાથમિક શાળાનો ૧૨૦ માં જન્મ દિવસની ઉજવણી કરાઈ



શહેરા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાન અંતર્ગત શહેરા તાલુકાની નરસાણા કલસ્ટરમાં આવેલી નવા લીંબોદ્રા પ્રા.શાળાનો તા.૨૬.૦૩.૨૦૨૨ ને શનિવારના રોજ ૧૨૦ મા જન્મ દિવસ નરસાણા તાલુકા પંચાયત સદસ્ય પરમાર લીલાબેન રમેશભાઈની અધ્યક્ષતા તેમજ મુખ્ય મહેમાન તરીકે બી.આર.સી.કો.ઓર્ડીનેટર શહેરા ડો.કલ્પેશ આર.પરમાર, અતિથિ વિશેષ ગ્રામના પ્રથમ નાગરિક સરપંચ ઉદેસિંહ તેમજ પગાર કેન્દ્ર આચાર્ય મૌલેશભાઈ પટેલ, નરસાણા સી.આર.સી.કો.ઓર્ડીનેટર કલ્પેશભાઈ પટેલ, રિટાયર્ડ PSI રયજીભાઈ શર્મા, વડીલ ભઉરાઈભાઈ, દાતાઓ, મોટી સંખ્યામાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, શાળા પરિવાર, જૂના લીંબોદ્રા પ્રા.શાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભવ્યો હતો. સદર કાર્યક્રમમાં તિથિ ભોજનના દાતા ઉદેસિંહજી (સરપંચ), સાઉન્ડ અજયભાઈ પટેલ, મંડપ હરેશભાઈ પટેલ, રસોઈ હર્ષદભાઈ વગેરેના સહયોગથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. યજમાન પ્રા.શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ દ્વારા સૌનું અભિવાદન કરવામાં આવ્યું. બી.આર.સી.કો.ઓર્ડીનેટર શહેરા ડો.કલ્પેશ આર.પરમાર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત દાતાઓ, યજમાન શાળામાંથી અભ્યાસ કરેલ વડીલોનું સન્માન કરવામાં આવ્યું. તેમજ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી તેમજ શિક્ષણ પરિવારની કામગીરીને બિરદાવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૩ કૃતિઓમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ ભોઈ તેમજ ફોટોગ્રાફી અંકુરભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. સી.આર.સી.કો. ઓર્ડીનેટર કલ્પેશ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમમાં સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઘોઘંબા તાલુકાના આમ આદમી પાર્ટી દ્વારા ભરત રાઠવાની આગેવાનીમાં મામલતદારને આવેદનપત્ર



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

સરકાર દ્વારા સરકારી સ્પર્ધાત્મક પરિક્ષાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં સરકારી કચેરીઓની ખાલી જગ્યા માટે ભરતી કરવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાય સમયથી જેટલી પણ પરીક્ષાઓ લેવાય તેમાં મોટા ભાગે ગેરરીતિના બનાવો સામે આવ્યા છે. આ પરથી તંત્રની ઘોર બેદરકારી સ્પષ્ટ થાય છે. તંત્રની બેદરકારીના કારણે રાજકીય વગ ધરાવતા રૂપિયાના જોરે આ સિસ્ટમમાં ઘુસી જાય છે. જે ભ્રષ્ટાચારનું બીજ રોપાયા બરાબર છે અને જેને ખરેખર નોકરીની જરૂરયાત છે. તેવી વ્યક્તિને યોગ્ય ન્યાય મળતો નથી. જેનું જીવતું જાગતું ઉદાહરણ તાજેતરમાં લેવાયેલ વનરક્ષકની પરીક્ષા છે. જેમનું પેપર પણ ફૂટી ગયું તો તેની હાઈકોર્ટના નિવૃત્ત જજ દ્વારા તાપસ કરીને તેમાં જે સંડોવાયેલા હોય તેને કોઈને પણ બક્ષવામાં ના આવે અને કડકમાં કડક સજા એક દાખલા રૂપે કરવામાં આવે તેવી અમારી લાગણી સાથે માંગણી સાથે ઘોઘંબા આપ પાર્ટી દ્વારા મામલતદારને આવેદન અપાયું.

# ગોધરા તાલુકાના ધાણીત્રા ગામે પતિએ બે વર્ષની પુત્રીને કુવામાં ફેંકી મારી નાંખી પત્નિને ઈજાઓ કરી

ગોધરા,

ગોધરાના ધાણિત્રા ગામે પત્નિ ૩ દિવસ બાદ ઘરે આવતા ઉશ્કેરાયેલા પતિએ પત્નિને કુહાડી મારીને ઈજાઓ કરીને ૨ વર્ષની પુત્રીને કુવામાં ડુબાડીને મારી નાંખી હોવાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવવા પામી હતી.

ધાણિત્રામાં રહેતા પર્વતસિંહ ઉદેસિંહ પરમારની પત્નિ સવિતાબેને પતિ પર્વતસિંહ ૩ દિવસ બાદ ઘરે આવતા ટોકયો હતો. જેથી પતિ ઉશ્કેરાઈને ઝઘડો કરીને સવિતાબેનને માથાના ભાગે લોખંડની ધારદાર કુહાડી મારીને ઈજાઓ કરી હતી. મારી નાંખવાના ઈરાદે પર્વતસિંહે કુહાડી પત્નિને મારવા જતા પત્નિએ હાથ વચ્ચે લાવી દેતા હાથમાં ઈજા થઈ હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા પતિ ઉદેસિંહે પોતાની બે વર્ષની પુત્રી કાજલને ઘરની પાછળ આવેલ કુવામાં ફેંકી દીધી હતી અને પાણીમાં ડુબાડીને હત્યા કરી પર્વતસિંહ નાસી ગયો હતો. આ અંગે પત્નિ સવિતાબેને પોતાના પતિ પર્વતસિંહ પરમાર સામે પોલીસમાં હત્યાનો ગુનો નોંધાવ્યો હતો.

# શહેરા નગર અને ગ્રામિણ પરીક્ષા કેન્દ્રો ખાતે ધો.૧૦ની પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરાયું

શહેરા,

શહેરામાં એસએસસી બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થયો હતો. નગર અને ગ્રામીણ વિસ્તારના પરીક્ષાકેન્દ્રો પર સંચાલકો દ્વારા કુમકુમ તિલક કરીને પરીક્ષાર્થીઓને પ્રવેશ આપ્યો હતો.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ધોરણ ૧૦ એસએસસી બોર્ડની પરીક્ષાઓનો શાંતિપૂર્વક માહોલમાં પ્રારંભ થયો છે.જીલ્લામાં આવેલા ૫૦કરતા વધુ પરીક્ષાકેન્દ્રો ઉપર સવારથીજ વાલીઓ પોતાના સંતાનો સાથે પરીક્ષા આપવા આવી પહોંચ્યા હતા. પરીક્ષાસંચાલકો દ્વારા ધોરણ ૧૦ પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરીને મોં મીઠું કરાવી પ્રવેશ આપ્યો હતો. પરીક્ષાર્થીઓને બ્લોક સુધી સરળતાથી પહોંચે તે માટે પણ વિશેષ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતું. જિલ્લામાં આવેલા એસ.એસ.સી.ના ૫૦ કરતા વધુ પરીક્ષા કેન્દ્રો પર ૨૦ હજાર થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જયારે બોર્ડની પરીક્ષામાં પરીક્ષાર્થીઓને પરીક્ષાલક્ષી યોગ્ય વાતાવરણ મળી રહે, કોઈ ગેરરીતિ ન થાય, બહારના તત્વો દ્વારા અવ્યવસ્થા ઉભી ન થાય તે માટે પરીક્ષા કેન્દ્રના વર્ગખંડોમાં સી.સી.ટી.વી કેમેરાની બાજ નજર હોવા સાથે પોલીસનો બંદોબસ્ત પણ પરીક્ષા કેન્દ્રોની બહાર નજરે પડી રહ્યો હતો.

# રાયસિંગપુરા ગામમાં NSS નો વાર્ષિક ખાસ શિબિર સંપન્ન થયો

ગોધરા,

ગોધરાના રાયસિંગપુરા ગામમાં ચાલી રહેલો NSS નો વાર્ષિક શિબિર જે.એલ.કે.કોટેચા આર્ટસ કોલેજ અને શ્રીમતી એસ.એચ.ગાર્ડી કોલેજ, કાંકણપુર અને એસ.આર.ભાભોર કોલેજ, સીંગવડ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ૭ દિવસીય વાર્ષિક શિબિર યોજાયો હતો. તા. ૨૭/૦૩/૨૦૨૨ ના રોજ આ કાર્યક્રમનો સમાપન કાર્યક્રમ થયો. આ કાર્યક્રમમાં ૭ દિવસ સુધી ગામમાં રોકાયેલા વિદ્યાર્થીઓએ ગામમાંથી વિદાય લીધી. ગામમાં ધૂમધામથી NSS ના શિબિરાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો હતો. કાર્યક્મના અંતે શિબિરાર્થીઓ અને ગ્રામજનોમાં આંખમાં આંસું આવી ગયાં હતાં. દરેક વિદ્યાર્થીઓને NSS ના પ્રોગ્રામ ઑફિસર ડો. મહેશ પટેલ અને ડો.મહેશ રાઠવા તેમજ આર. બી.કાર ના સી.ઈ.ઓ રમેશભાઈ પટેલ દ્વારા બધા NSSના અનેક વિદ્યાર્થીઓને ઉત્સાહ વધારવા માટે પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં.



સમગ્ર શિબિર દરમિયાન એન.એસ.એસ.ના શિબિરાર્થીઓ દ્વારા જુદા–જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા. જેમાં મુખ્યત્વે યોગ, સ્વાસ્થ્ય, સુરક્ષા, બેન્કિંગ સેવાઓ જેવા જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા શિબિરાર્થીઓ અને ગ્રામજનોને માહિતી આપવામાં આવી. શિબિરમાં એક મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પારુલ યુનિવર્સિટી અને ખેમદાસ આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી રાયસીંગપુરા ગામમાં એક આયુર્વેદિક મેગા મેડિકલ કેમ્પ યોજાયો. જેમાં લગભગ ૪૫૦ જેટલા લોકોએ તેનો લાભ લીધો.

આ શિબિરમાં જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન, હ્યુમન ટ્રાફિકિંગ, સ્ત્રીઓનું શોષણ જેવી જુદી જુદી સમસ્યાઓ અને તેને અટકાવવા અંગેનું કાયદાકીય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. જિલ્લા યોગકોચ કૈલાસબેન દ્વારા શિબિરાર્થીઓ અને ગામના યુવકોને યોગ અંગે રાજ્ય સરકારની યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા. તેમજ યોગનું પ્રાયોગિક શિક્ષણ પણ આપવામાં આવ્યું. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ દ્વારા ઉભી થતી આપત્તિઓના વ્યવસ્થાપનમાં કેવી રીતે તેનો સામનો કરવો અને જાનહાનિ, માલહાની વગેરે કેવી રીતે અટકાવી શકાય તે અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. બગાયત કેન્દ્ર વેજલપુરના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા પ્રાકૃતિક ખેતી, વિવિધ પ્રકારની કલમો, ખેતીને ઉપજાઉ કેવી રીતે બનાવી શકાય તે અંગે શિબિરાર્થીઓ સહિત ગામના ખેડૂતોને ખૂબ લાભદાયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો અંતર્ગત ગ્રામજનો સાથે મળીને ભજન કિર્તનનો કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા કે ગરબા, નાટક, ટીમલી તેમજ ગામમાં વાનગી, રંગોળી, મહેંદી જેવી જુદીજુદી હરીફાઈઓ પણ યોજવામાં આવી હતી. જેમાં ગામની અનેક બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સીંગવડ કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો. મહેશ પટેલે જણાવ્યું હતું કે, રાયસીંગપુરા ગામમાં યોજાયેલો આ શિબિર ખૂબ સફળ રહ્યો છે. કાંકણપુર કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડો. મહેશ રાઠવાએ શિબિરમાં ભાગ લેનારા તમામ શિબિરાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોધરા બામરોલી રોડ અપ્સરા સ્પાની આડમાં ચાલતું દેહવ્યપારની પ્રવૃતિ પોલીસે ઝડપી

ગોધરા,

ગોધરા બામરોલી રોડ થી વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયત જવાના રોડ ઉપર આવેલ સ્પા મસાજ પાર્લર નામની દુકાનમાં દેહવ્યપાર ચાલતો હોય તેવી બાતમીના આધારે એ ડીવીઝન પોલીસે વોચ ગોઠવી હતી અને દેહવ્યપારનો ધંધો શોધી કાઢવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા બામરોલી રોડ થી વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયત જવાના રોડ ઉપર આવેલ અપ્સરા સ્પા મસાજ પાર્લર નામની દુકાનની આડમાં દેહવ્યપારનો ધંધો કરતા હોય તેવી બાતમી એ ડીવીઝન પોલીસને મળેલ હોય તેના આધારે અપ્સરા સ્પા મસાજ પાર્લર ઉપર વોચ ગોઠવી હતી અને રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન ચંદ્રેશભાઈ મહેશભાઈ પરમાર રહે. દખતેશ્વર તા. બાયડ હાલ ઉત્સવ બંગલો, મળી આવેલ જ્યારે સ્પાના માલિક મહંમદ સલીમ મુસ્તુફા વોરા રહે. વી.વી.નગર કલ્યાણ સોસાયટી આણંદ, જે સ્પાના નામે છોકરીઓ બોલાવીને દેહ વેપારનો ધંધો કરાવી સ્પા તથા મસાજ માટે આવતા ગ્રાહકોને સવલતો પુરી પાડી કુટણખાનું ચલાવી આર્થિક ફાયદા માટે દેહ વેપાર કરાવી કમિશન મેળવી ગુન્હો કર્યો પોલીસની રેઈડ દરમિયાન સ્પા મસાજ પાર્લર માંથી ૯૨,૩૯૦/– રૂપીયા રોકડા, મોબાઈલ ફોન નંગ–૭ કિંમત ૪૧,૫૦૦/–, સ્પાઈપ કાર્ડ મશીન ૫૦૦૦/–રૂા. મળી કુલ ૧,૩૮,૮૯૦/–ના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.